सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| રજૂ કર્યા તારીખ | : | ૧૬–૦૭–૨૦૧૬ | | |
| નોંધણી કર્યા તારીખ | : | ૧૬–૦૭–૨૦૧૬ | | |
| નિર્ણય કર્યા તારીખ | : | ૨૧–૧૦–૨૦૨૨ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૬ | ૦૩ | ૦૫ |

## સુરતના ત્રીજા એડી.સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. સુરત.

સેશન્સ કેસ નં. ૧૧૯/૨૦૧૬
આંક–

ફરીયાદી : સરકાર

વિરૂધ્ધ

આરોપી : (૧) વસંતભાઇ બાબુભાઇ કદમ
ઉ.આ.વ.૬૧, ધંધો–નોકરી,
રહે.બી/૧૫, ગજરાબા નગર સોસાયટી,
બોમ્બે કુડ, ડભોલી ગામ, ચોકબજાર, સુરત.
મુળ રહે. ગામ–પાનેર, તા.મહાડ, જી.રાયગઢ.

(૨) તેજસ ઉર્ફે રાકેશ સ/ઓ વસંતભાઇ કદમ
ઉ.આ.વ.૪૧, ધંધો–નોકરી,
રહે.બી/૧૫, ગજરાબા નગર સોસાયટી,
બોમ્બે કુડ, ડભોલી ગામ, ચોકબજાર, સુરત.
મુળ રહે. ગામ–પાનેર, તા.મહાડ, જી.રાયગઢ.

(૩) કમલકુમાર બેચરભાઇ સોલંકી

ઉ.આ.વ.૩૪, ધંધો–નોકરી,
રહે.બી/૧૬, ગજરાબા નગર સોસાયટી,
બોમ્બે કુડ, ડભોલી ગામ, ચોકબજાર, સુરત.
મુળ રહે. ટુકડ, તા.જી. ભાવનગર.

(૪) સંજય ભાવલાલ સરોદે
ઉ.આ.વ.૪૭, ધંધો–મજુરી,
રહે.બી/૨૧, ગજરાબા નગર સોસાયટી,
બોમ્બે કુડ, ડભોલી ગામ, ચોકબજાર, સુરત.
મુળ રહે. ગામ–ચીલગાંવ, તા.જામનેર, જી.જલગાંવ.

(૫) સાગર ઉમાકાંતભાઈ ગોટેફોડે
ઉ.આ.વ.૨૮, ધંધો–નોકરી,
રહે.બી/૧૬, ગજરાબા નગર સોસાયટી,
બોમ્બે કુડ, ડભોલી ગામ, ચોકબજાર, સુરત.
મુળ રહે. ગામ–પવની, તા.જી.નાગપુર, મહારાષ્ટ્ર.

ગુનો : ઈ.પી.કોડની કલમ – ૩૦૨, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫ મુજબ..

---

ફરીયાદ પક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી – એન.કે.ગોળવાલા
આરોપીઓ તરફે વિ. વકીલશ્રી – એન.બી.દેસાઈ

---

..ચૂ કા દો..

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૦૮/૧૦/૨૦૧૫ ના કલાક ૨૩.૪૫ વાગ્યે ડભોલીગામ લેક ગાર્ડનની સામે ગજરાબા નગરની બાજુમાં આવેલ ખુલ્લા ખેતરમાં આ કામે મરણ જનાર વિશાલ ગણેશ જાધવનો બુમો મારતા અને પથ્થર મારતા આવતો હતો ત્યારે આ કામના આરોપીઓએ ગેરકાયદેસરની મંડળી રચી એક સંપ થઈ આરોપીઓ પૈકી આરોપી નં.૧ વસંતભાઈ બાબુભાઈ કદમ નાઓએ આ કામે મરણ જનાર વિશાલ ગણેશ જાધવને ધક્કો મારી પાડી દીધેલ ત્યારે મરણ જનારે તેને પકડી લેતાં આરોપી નં.૨ તેજસ ઉર્ફે રાકેશ વસંતભાઈ કદમ તથા આરોપી નં.૩

કમલકુમાર બેચરભાઇ સોલંકીનાએ લાકડી વડે મરણ જનારને માર મારતા દરમ્યાન આરોપી નં.૪ સંજય ભાવલાલ સરોદે તેમજ આરોપી નં.૫ સાગર ઉમાકાંત ગોટેફોડ નાઓએ મરણ જનારને પકડી રાખી, ધકકો મારી પાડી દઇ આરોપીઓએ માથામાં તથા શરીરે નાની મોટી અગિયાર ઇજાઓ કરી મોત નિપજાવી નાસી જઇ ગુનો કરેલ છે. તે મુજબની ફરીયાદ ચોકબજાર પોલીસે ફર્સ્ટ ગુના રજી. નં. ૧૧૦/૨૦૧૫ થી ઈ.પી.કોડની કલમ – ૩૦૨, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫ મુજબનો ગુનો નોંધી તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ કરેલું.

(૨) સદરહુ ફરીયાદીની ફરીયાદ રજીસ્ટર કરી, ત્યાર બાદ ફરીયાદના કામે ત.ક.અ.શ્રીએ આરોપીઓ વિરુધ્ધ તપાસ કરતા તેમજ લાગતા વળગતા સાહેદોના નિવદનો લઇ અને ત્યારબાદ પુરતો પુરાવો જણાતા તેઓને અટક કરેલા અને ત્યારબાદ તપાસ પૂર્ણ થયેથી આરોપીઓ વિરુધ્ધ નીચેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરતા જેનો ફોજદારી કેસ નં. ૭૫૮૮૧/૨૦૧૫ પડેલ છે.

(૩) સદર ચાર્જશીટ ટ્રાયલ અદાલતમાં રજુ થતા ટ્રાયલ અદાલતને સદર કેસ ચલાવવા માટે હકુમત ન હોય, એડી. સીવીલ જજ અને જયુડીશ્યલ મેજી. ફ.ક., સુરતનાએ તા.૧૧/૦૭/૨૦૧૬ ના રોજ ક્રિ.પ્રો. કોડની કલમ– ૨૦૯ હેઠળ કમિટલ હુકમ કરી, અત્રેની જીલ્લા અદાલત, સુરતમાં મોકલી આપતા સદર કેસનો સેશન્સ કેસ નં. ૧૧૯/૨૦૧૬ પડેલ છે અને ત્યારબાદ સદરહુ કેસ ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અત્રેની અદાલતમાં તબદીલ થઇ આવેલ છે.

(૪) સદર કેસ તબદીલ થયા બાદ અત્રેની અદાલતમાં ચલાવવા માટે આવતા અને સદર કામના આરોપીઓ નામદાર કોર્ટમાં હાજર થતા બંને પક્ષકારોને

સાંભળી, ઈ.પી.કો. ની કલમ– ઈ.પી.કોડની કલમ – ૩૦૨, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબનુ તહોમતનામુ આ કામના આરોપીઓ વિરુધ્ધ આંક–૦૫ થી ફરમાવવામાં આવેલ અને આરોપીઓની પ્લી અનુક્રમે આંક–૦૬ થી આંક–૧૦ સુધી રેકર્ડ કરવામાં આવેલ છે અને તેમણે ગુનાનો ઈન્કાર કર્યા બાદ ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૫) આ કામે ફરીયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવા રજુ કરેલા છે.

**–: મૌખિક પુરાવા :–**

| સા.નં. | સાહેદોનું નામ | આંક |
|---|---|---|
| ૧ | મહેશભાઇ રતિલાલ કોસંબીયા – પંચ સાહેદ | ૧૨ |
| ૨ | સુધીરભાઇ છોટુભાઇ પટેલ – પંચ સાહેદ | ૧૪ |
| ૩ | અસ્પાક અબ્બાસ સૈયદ અસ્પાક – પંચ સાહેદ | ૧૫ |
| ૪ | ઉસ્માન અબ્દુલ કાદર કુરેશી – પંચ સાહેદ | ૧૭ |
| ૫ | પ્રકાશભાઇ દલપતભાઇ સુરતી– પંચ સાહેદ | ૧૮ |
| ૬ | રવિન્દ્ર શીવાજી પાટીલ – પંચ સાહેદ | ૨૦ |
| ૭ | ડો.મહમદ ઈલીયાસ ઇસાક મહમદ શેખ | ૨૪ |
| ૮ | શંકરભાઇ ધનજીભાઇ રાઠોડ | ૨૯ |
| ૯ | ધનુબેન બાબુભાઇ સલાટ | ૩૦ |
| ૧૦ | કિરીટભાઇ બાબુભાઇ સલાટ | ૩૧ |
| ૧૧ | નિકુંજ શંકરભાઇ રાઠોડ | ૩૨ |
| ૧૨ | ભાનુદાસ હીરામણ પાટીલ | ૩૩ |
| ૧૩ | મોહનભાઇ કીશન સુરડકર | ૩૭ |
| ૧૪ | ચેતનભાઇ સમાધાન | ૩૮ |
| ૧૫ | સમાધાન દિલીપ ધેવન્ડે | ૩૯ |
| ૧૬ | રેખાબેન સમાધાન ધેવન્ડે | ૪૧ |

| | | |
|---|---|---|
| ૧૭ | શીલાબેન ગણેશભાઇ જાદવ | ૪૨ |
| ૧૮ | રમાબેન વિશાલ જાદવ | ૪૩ |
| ૧૯ | મહેશભાઇ હુરીયાભાઇ ચૌધરી | ૪૫ |
| ૨૦ | મહમદ અનીસ અબ્દુલ રસીદ મુજાવર | ૪૭ |
| ૨૧ | વાહતાભાઇ સોમાભાઇ પટેલ | ૫૦ |
| ૨૨ | પટેલ હરકિશનભાઇ અમૃતભાઇ | ૫૧ |
| ૨૩ | સાજીદ જાનમહમદ બલોચ | ૫૨ |
| ૨૪ | મધુભાઇ રત્નાભાઇ નકુમ | ૫૬ |

## –: દસ્તાવેજી પુરાવા :–

| ક્રમ | દસ્તાવેજોની વિગત | આંક |
|---|---|---|
| ૧ | આરોપીની શરીર સ્થિતીનું પંચનામુ | ૧૩ |
| ૨ | આરોપી કંઇક કહી બતાવતો હોય તે અગેનું પંચનામુ | ૧૬ |
| ૩ | ઓળખ પરેડ અંગેનું પંચનામુ | ૧૯ |
| ૪ | ઇન્કવેસ્ટ પંચનામુ | ૨૧ |
| ૫ | પી.એમ. નોટ | ૨૫ |
| ૬ | પી.એમ. માટે મળેલ યાદી | ૨૬ |
| ૭ | અકસ્માત મોત જાહેરાત | ૩૪ |
| ૮ | ફરીયાદ | ૪૦ |
| ૯ | સ્ટેશન ડાયરીની એન્ટ્રીની ખરી નકલ | ૪૬ |
| ૧૦ | મરનારની લાશ ઉપરના કપડા અને મળી આવેલ વસ્તુઓનું રીકવરી પંચનામુ | ૪૮ |
| ૧૧ | મુદ્દામાલ આર્ટીકલ નં.૧ થી ૩ માંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી | ૪૯ |
| ૧૨ | મુદ્દામાલ આર્ટીકલ નં.૧ માંથી નીકળેલ પંચસ્લીપ | ૫૪ |
| ૧૩ | મુદ્દામાલ આર્ટીકલ નં.૨ માંથી નીકળેલ પંચસ્લીપ | ૫૫ |
| ૧૪ | રવાનગી નોંધ | ૫૭ |

| | | |
|---|---|---|
| ૧૫ | મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૫૮ |
| ૧૬ | મુદ્દામાલ અભિપ્રાય આપવા માટે એફ.એસ.એલ. ને લખેલ પત્ર | ૫૯ |
| ૧૭ | મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૬૦ |
| ૧૮ | ઝેરશાસ્ત્ર વિભાગનો અહેવાલ ફોરવર્ડીંગ પત્ર સાથે | ૬૧ |
| ૧૯ | એફ.એસ.એલ. અધિકારીએ આપેલ ગુના સ્થળનો રિપોર્ટ | ૬૨ |
| ૨૦ | પોલીસ કમીશ્નરશ્રીના જાહેરનામાની નકલ | ૬૩ |
| ૨૧ | મુદ્દામાલ આર્ટીકલ નં.૪ માંથી નીકળેલ પંચસ્લીપ | ૬૪ |
| ૨૨ | મુદ્દામાલ આર્ટીકલ નં.૫ માંથી નીકળેલ પંચસ્લીપ | ૬૫ |
| ૨૩ | મુદ્દામાલ આર્ટીકલ નં.૬ માંથી નીકળેલ પંચસ્લીપ | ૬૬ |
| ૨૪ | મુદ્દામાલ આર્ટીકલ નં.૭ માંથી નીકળેલ પંચસ્લીપ | ૬૭ |
| ૨૫ | મુદ્દામાલ આર્ટીકલ નં.૮ માંથી નીકળેલ પંચસ્લીપ | ૬૮ |
| ૨૬ | મુદ્દામાલ આર્ટીકલ નં.૯ માંથી નીકળેલ પંચસ્લીપ | ૬૯ |

(૬) આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા આંક –૭૦ થી તેઓ વધુ કોઇ મૌખિક પુરાવો રજુ કરવા માંગતા નથી, તેવુ જાહેર કરતી પુરસીસ રજુ કરેલ છે.

(૭) સદરહુ કામે ફરીયાદ પક્ષનો પુરાવો નોંધ્યા બાદ આરોપીઓનો ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ વધારાનો જવાબ નોંધવામાં આવેલ છે, જે વંચાણે લેતા આરોપીઓએ ફરીયાદ પક્ષના પુરાવાનો મહદ્અંશે ઇન્કાર કરેલો છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને તેઓ ઉપર ખોટો કેસ કરેલ છે.

(૮) આ કામે પુરાવો પુરો થયા પછી એ.પી.પી.શ્રી એ મૌખિક દલીલ કરેલ છે તથા આરોપીઓ પક્ષે પણ મૌખિક દલીલો કરેલ છે.

(૮.૧) ફરિયાદપક્ષ તરફે વિધ્વાન સરકારી વકીલ શ્રી એન.કે.ગોળવાલા દલીલમાં જણાવે છે કે, આ કામમાં આઇ.ઓ. અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની જુબાની

વંચાણે લેતાં આ કામના આરોપીઓએ મરણ જનારનું ખુન કરેલ હોય તેવુ સાબિત થાય છે. તે સિવાયના બીજા કોઇ સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થનકારી જુબાની આપેલ ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે. તે સંજોગોમાં રેકર્ડ ઉપર જે પુરાવાઓ ઉપલબ્ધ છે તેને ધ્યાને લઇને આરોપીઓને સજા કરવા જણાવેલ છે.

(૮.૨) આ કામમાં આરોપીઓ તરફે વિ.વ.શ્રી એન.બી.દેસાઇ દલીલમાં જણાવે છે કે, આ આરોપીઓ વિરુધ્ધ ઇ.પી.કો. કલમ–૩૦૨, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫ મુજબનો ચાર્જફ્રેમ કરવામાં આવેલ છે. આ કામમાં ફરીયાદ મરણ જનારના બનેવીએ આપેલ છે. આ કામના મરણ જનાર દારૂ અને ગાંજો પીનાર વ્યકિત હતા અને તેઓ નશો કરીને નિયમીત ઘરે આવતા ન હતા. આ બનાવ નજરે જોયો હોય તેવા કોઇ સાહેદો નથી. આ કામમાં સાહેદ નં. ૧૫ થી ફરીયાદીની જુબાની લેવામાં આવેલ છે તેઓએ ફરીયાદને કોઇ સમર્થનકારી જુબાની આપેલ નથી તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. તેઓ ઉલટ તપાસમાં કબુલ કરે છે કે, મરણ જનાર નશો કરવાની આદતવાળા હતા. આ કામમાં સાહેદ રેખાબેન, ચેતનભાઇ તથા કિશનભાઇને તપાસવામાં આવેલા છે. સદરહુ તમામ સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થનકારી જુબાની આપેલ ન હોય તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. આ કામમાં સાહેદ ભાનુદાસે તા.૦૮/૧૫/૨૦૧૫ ના રોજ જાણવા જોગ રજીસ્ટર કરેલ છે. તેમા મરણ જનાર માનસિક અસ્વસ્થ હતો, લથડિયા ખાતો હતો અને પડી જવાથી તેનું મોત થયુ છે તેવુ જણાવેલ છે. આ આરોપીઓએ હુમલો કર્યો હોય તેવુ જણાવેલ નથી. આ કામના સાહેદ નં.૧૭ થી મરણ જનારની માતા તથા સાહેદ નં.૧૮ થી મરણ જનારના પત્નીને તપાસેલ છે. તેઓએ બનાવ નજરો નજર જોયેલો નથી. તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. આ કામમાં આરોપીઓની ઓળખપરેડ ૨૦–૨૫ દિવસ બાદ કરેલ છે. તેમાં આરોપીઓને જોયેલ હોય

તેવુ જણાવેલ નથી. કોઇ સાહેદો ઓળખ પરેડમાં ગયા નથી કે તેઓએ ઓળખી બતાવેલ નથી. બનાવ તા.૧૩/૧૦/૨૦૧૫ ના રોજનો છે અને ઓળખ પરેડ તા.૨૮/૧૦/૨૦૧૫ ના રોજ કરેલ છે. ઓળખ પરેડના પંચોને ફરી ગયેલા જાહેર કરેલ છે. તેથી ઓળખપરેડનું પંચનામુ માની શકાય નહી. ફરીયાદપક્ષે તેમના પુરાવાથી તેમનો કેસ સાબિત કરેલ નથી અને ફરીયાદી તથા આરોપીઓ એક જ સોસાયટીમાં રહેતા હતા તેવુ પણ ફરીયાદપક્ષે સાબિત કરેલુ નથી તે સંજોગોમાં ફરીયાદપક્ષે તેઓનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ ન હોય અમો આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે.

(૯) સદરહુ કામે મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-ઃ મુદ્દા ઃ-**

મુદ્દા નં.(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે , તા.૦૮/૧૦/૨૦૧૫ ના કલાક ૨૩.૪૫ વાગ્યે ડભોલીગામ લેક ગાર્ડનની સામે ગજરાબા નગરની બાજુમાં આવેલ ખુલ્લા ખેતરમાં આ કામે મરણ જનાર વિશાલ ગણેશ જાધવનો બુમો મારતા અને પથ્થર મારતા આવતો હતો ત્યારે આ કામના આરોપીઓએ ગેરકાયદેસરની મંડળી રચી એક સંપ થઇ આરોપીઓ પૈકી આરોપી નં.૧ વસંતભાઇ બાબુભાઈ કદમ નાઓએ આ કામે મરણ જનાર વિશાલ ગણેશ જાધવને ધક્કો મારી પાડી દીધેલ ત્યારે મરણ જનારે તેને પકડી લેતાં આરોપી નં.૨ તેજસ ઉર્ફે રાકેશ વસંતભાઇ કદમ તથા આરોપી નં.૩ કમલકુમાર બેચરભાઇ સોલંકીનાએ લાકડી વડે મરણ જનારને માર મારતા દરમ્યાન આરોપી નં.૪ સંજય ભાવલાલ સરોદે તેમજ આરોપી નં.૫ સાગર ઉમાકાંત ગોટેફોડ નાઓએ મરણ જનારને પકડી રાખી, ધકકો મારી પાડી દઇ આરોપીઓએ માથામાં તથા શરીરે નાની મોટી અગિયાર ઇજાઓ કરી મોત નિપજાવી નાસી જઇ ઈ.પી.કોડની કલમ – ૩૦૨, ૧૪૩,

૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં. (૨)શું આખરી હુકમ ?

(૧૦) ઉપરોકત નિર્ણિત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

## –: નિ ર્ણ ય ના કા ર ણો :–

**મુદ્દા નં.૧ –**

(૧૧) સદર કામમાં ફરિયાદ પક્ષ તરફે આંક–૧૨ થી પંચ સાહેદ મહેશભાઇ રતિલાલ કોસંબીયાને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, સને–૨૦૧૫ ની સાલમાં તેમની ગાડી ગુમ થઇ ગયેલ હોવાથી તેઓ પોલીસ સ્ટેશન ગયેલા ત્યાં તેઓને પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી. ત્યાં કોઈ આરોપીઓ હાજર હોય તેવુ બનેલ નથી કે આરોપીએ બનાવ વખતે પહેરેલા કપડા તેમની રૂબરુ રજુ કરેલા હોય અને તે પંચનામાની વિગતે કબજે કરી શીલ કરેલ હોય તેવુ બનેલ નથી. તે અંગેનું પંચનામુ તેમના લખાવ્યા મુજબ પોલીસે લખેલુ હોય તેવુ બનેલ નથી. તેમને આંક–૧૩ થી રજુ પંચનામુ બતાવતા તેમાં તેમની સહી ઓળખી બતાવે છે. તેમને મુદ્દામાલ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહી. આરોપી તેમને બતાવવામાં આવે તો પણ તેઓ આરોપીઓને ઓળખી શકે નહી.

એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી માંગતા ઉલટ તપાસની પરવાનગી આપવામાં આવેલ છે.

આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે તેઓ તેમના બાઇકના કામ માટે પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે ત્યાં પોલીસ સિવાય બીજા કોઇ ખાનગી માણસો ન હતા.

(૧૧.૧) સદર કામમાં ફરિયાદ પક્ષ તરફે આંક–૧૪ થી પંચ સાહેદ સુધીરભાઇ છોટુભાઇ પટેલને સોગંદ ઉપર તપાસેલ છે. ચોકબજાર પોલીસે તેમને પંચ તરીકે બોલાવેલા અને તેમની સહી લીધેલી. કઇ બાબતે સહી લીધેલી તેની તેમને જાણકારી નથી. તેમની હાજરીમાં કોઇ આરોપીનું શરીર સ્થિતીનું પંચનામુ કરી કપડા કબજે કર્યા હોય અને ત્યાર બાદ તેઓને અટક કરેલ હોય તેવુ બનેલ નથી. તેમને આંક–૧૩ નું પંચનામુ બતાવતા તેમાં તેમની સહી તેઓ ઓળખી બતાવે છે. આ લખાણ તેઓએ વાંચેલુ નહી અને પોલીસે તેમને વાંચી બતાવેલ નહી. શું લખાણ હતુ તેની તેમને જાણકારી નથી.

એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી માંગતા ઉલટ તપાસની પરવાનગી આપવામાં આવેલ છે.

આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે તેઓ તેમના બાઇકના કામ માટે પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે ત્યાં પોલીસ સિવાય બીજા કોઇ ખાનગી માણસો ન હતા.

આ બંને પંચ સાહેદો આરોપીની શરીર સ્થિતીના પંચનામાના પંચ સાહેદો છે. તેઓની જુબાની પરથી તેઓની હાજરીમાં આરોપીની શરીર સ્થિતીનું પંચનામું કરી કપડા કબજે કરેલ હોય તેવી કોઇ હકીકત ફલીત થતી નથી.

(૧૧.૨) આ કામમાં આંક–૧૫ થી પંચ સાહેદ અસ્પાક અબ્બાસ સૈયદ અસ્પાકને તપાસેલ છે અને તેઓએ જણાવેલ છે કે, ૨૦૧૫ માં પોલીસે તેઓને પોલીસ સ્ટેશનમાં પંચમાં બોલાવેલ અને તેમને સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી. સહી કરેલા કાગળની વિગત વિશે તેઓ કંઇ જાણતા નથી. તેમની

રૂબરુમાં પંચો અને પોલીસની સાથે એક આરોપીએ તેણે ગુનામાં વાપરેલ હથિયાર જે જગ્યાએ રાખ્યુ હતુ તે જગ્યાએ લઇ જઇ હથિયાર કાઢી આપ્યુ હોય તેવું કંઇ બનેલ નથી. તેમને નિ.૧૧/૬ વાળુ પંચનામુ બતાવતા તેમાં તેમની સહી તેઓ ઓળખી બતાવે છે. તે આંક–૧૬ થી રજુ છે.

એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી માંગતા ઉલટ તપાસની પરવાનગી આપવામાં આવેલ છે. બચાવપક્ષ તરફે આ પંચ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૧.૩) ફરીયાદપક્ષ તરફે આંક–૧૭ થી પંચ સાહેદ ઉસ્માન અબ્દુલ કાદર કુરેશીને તપાસેલ છે. તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, પોલીસે તેમને કોઇ જગ્યાએ પંચમાં બોલાવેલ નથી. તેમને એક વાર રીક્ષા લઇને જતા હતા ત્યારે લાકડી બતાવી રીક્ષા થોભાવી એક કાગળમાં સહી લીધેલ. તે સિવાય તેઓ બીજુ કંઇ જાણતા નથી. તેમની હાજરીમાં આવુ કંઇ બનેલ નથી. તેમને આંક–૧૬ વાળુ પંચનામુ બતાવતા તેમાં તેમની સહી તેઓ ઓળખી બતાવે છે.

એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી માંગતા ઉલટ તપાસની પરવાનગી આપવામાં આવેલ છે. બચાવપક્ષ તરફે આ પંચ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

આ બંને પંચ સાહેદો કે જેઓની હાજરીમાં હથિયાર રીકવર કરવામાં આવેલ છે તેના પંચો છે. તેઓની જુબાની વંચાણે લેતા તેઓની હાજરીમાં આરોપીએ ગુનામાં વપરાયેલ હથિયાર બતાવેલ હોય અને તેમની હાજરીમાં કબજે કરેલ હોય તેવુ જણાવેલ નથી.

(૧૧.૪) ફરીયાદપક્ષે આંક–૧૮ થી પંચ સાહેદ પ્રકાશભાઇ દલપતભાઇ સુરતીને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, તેઓ ૨૮/૧૦/૨૦૧૫ ના રોજ જીલ્લા જેલ સુરત ખાતે ઓળખ પરેડ માટે ગયેલા.

કયા ગુનાની ઓળખ પરેડ હતી તે તેમના ધ્યાનમાં નથી. કોણે કોને ઓળખી બતાવેલા તેની તેમને ખબર નથી. તેમની હાજરીમાં કોઇ કાર્યવાહી થઇ હતી કે કેમ તે તેમના ધ્યાનમાં નથી. એચ.એ.પટેલ એકઝી. મેજી. રૂબરુ કોઇ ઓળખ પરેડની કાર્યવાહી થયેલ હોય તો તેમને યાદ નથી. તેમને આંક–૧૯ વાળુ પંચનામુ બતાવતા તેમાં પંચ–૨ તરીકે તેમની સહી તેઓ ઓળખી બતાવે છે. આ લખાણ તેઓએ વાંચેલુ કે કેમ તે તેમના ધ્યાનમાં નથી અને આ લખાણ તેમને એકઝી. મેજી. સાહેબે વાંચી બતાવેલ હશે પરંતુ ઘણો સમય થયેલ હોવાથી તેમને યાદ નથી.

એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી માંગતા ઉલટ તપાસની પરવાનગી આપવામાં આવેલ છે.

આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે, તેમને ચોકબજાર પોલીસ સ્ટેશન ધ્વારા પંચનામામાં સહી કરવા ત્યાં ઉભો રાખીને તેમની સહી કરાવતા હોય છે. એ વાત ખરી છે કે, પોલીસ અમને જયાં કહે અમે તેને સહી કરી આપીએ છીએ. એ વાત ખરી છે કે, પોલીસવાળાએ લખાણ તૈયાર કરી મને સહી કરવાનું કહેતા મેં સહી કરી આપેલી. તે સિવાય તેમને બીજી કંઇ ખબર નથી.

આ પંચ સાહેદ એ આરોપીની ઓળખપરેડના પંચનામાના પંચ સાહેદ છે. તેઓએ તેમની સરતપાસમાં અને ઉલટ તપાસમાં પોલીસવાળાએ લખાણ તૈયાર કરી તેમને સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલ હોવાની હકીકત કબુલ રાખેલ હોય તેઓની જુબાની પરથી ઓળખપરેડના પંચનામાની હકીકતને સમર્થન મળતુ ન હોય આ પંચ સાહેદની જુબાની ફરીયાદપક્ષને મદદરૂપ નીવડતી નથી.

(૧૧.૫) ફરીયાદપક્ષે આંક–૨૦ થી પંચ સાહેદ રવીન્દ્ર શીવાજી પાટીલને તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમં જણાવેલ છે કે, પોલીસે તેમને કોઇ

પંચનામામાં બોલાવેલ હોય તેવુ બનેલ નથી. તેમની હાજરીમાં કોઇ લાશનું પંચનામુ થયેલુ હોય તેવુ બનેલ નથી. કોઇએ લાશ તેમની હાજરીમાં ઓળખી બતાવેલ હોય તેવુ બનેલ નથી. તેઓ મરણ જનાર વિશાલ ગણેશ યાદવને ઓળખતા નથી. આ નામની વ્યકિતની લાશનું કોઇ પંચનામુ કરવામાં આવેલ હોય તેવુ પણ બનેલ નથી. તેમને આંક-૨૧ વાળુ પંચનામુ બતાવતા તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે. તેઓએ સોસાયટીમાં કોઇ પથ્થર પડવાનો અવાજ સાંભળેલો નહી. તેઓએ કોઇ ઇસમને લઠડીયા ખાતો જોયેલ હોય તેવુ પણ બનેલ નથી તેમજ બીજા કોઇ ઇસમોને જોયા હોય તેવુ પણ બનેલ નથી. બનાવ બાબતે તેઓએ કોઇ મારામારી જોયેલ હોય તેવુ પણ કંઇ બનેલ નથી. સોસાયટીના પ્રમુખે બનાવ બાબતે કોઇ જાણ કરેલી હોય તેવુ પણ બનેલ નથી. મરનારની લાશ પાસે કોઇ ઇસમો આવી રડતા જોયેલ હોય તેવુ પણ બનેલ નથી. તેઓ મરનાર વિશાલના સગાવહાલાઓને પણ ઓળખતા નથી. પોલીસે તેમની પુછપરછ કરેલી.

એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી માંગતા ઉલટ તપાસની પરવાનગી આપવામાં આવેલ છે. બચાવ પક્ષ તરફે આ પંચ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

આ સાહેદ લાશનું ઇન્કવેસ્ટ પંચનામુ કર્યુ તેના પંચ સાહેદ છે પરંતુ આ સાહેદે તેમની જુબાનીમાં લાશ તેમની હાજરીમાં કોઇએ ઓળખી બતાવેલ હોય કે લાશનું પંચનામુ કરવામાં આવેલ હોવાનો ઇન્કાર કરીને માત્ર તેમની સહી ઓળખી બતાવેલ છે તેથી આ પંચ સાહેદની જુબાની પરથી ઇન્કવેસ્ટ પંચનામાની હકીકત પુરવાર થતી નથી.

(૧૧.૬) ફરીયાદપક્ષે આંક-૨૪ થી સાહેદ ડો.મહમદ ઇલીયાસ ઇસાક મહમદ શેખને તપાસેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, તા.૦૯/૧૦/૨૦૧૫ ના રોજ તેઓ સ્મીમેર હોસ્પિટલમાં ફોરેન્સીક મેડીશીન અને ટેકસોલોજી વિભાગમાં પ્રોફ. તરીકે તેમની ફરજ બજાવતા હતા તે દિવસે તેમની સાથે ડો.આર.એન.પટેલ

ફરજ ઉપર હાજર હતા તે દિવસે સવારે ૦૯.૧૫ કલાકે પો.કો.બકકલ નં.૪૨૬ ચોકબજાર નાઓ મરનાર વિશાલ ગણેશ જાદવનું શબ પરીક્ષણ માટે લાવેલા તે દિવસે તેઓએ ૦૯.૩૦ કલાકે શબ પરીક્ષણ પુરુ કરી ૧૦.૪૫ કલાકે પૂર્ણ કરેલ. શબ પરીક્ષણ કરતા આશરે ૨૯ વર્ષના પુરુષનું હતુ.તેના શરીર ઉપર સફેદ રંગની અડધી બાંયની ટીશર્ટ તેમજ મરુન કલરની અંડરવેર તથા લાલ અને લાલ દોરો અને રાખડી જમણા હાથ ઉપર હતી. ટીશર્ટ બંને ખભાઓમાંથી ટાંકાઓમાંથી ફાટી ગયેલ હતો. તેમજ અમુક જગ્યાએ લોહીના ડાઘા હતા. પેન્ટ ઉપર કાદવના નિશાનો હતા. તેના જમણા હાથ ઉપર વિશાલ નામનું છુંદણું તેમજ જમણા હાથના બાવડાના પાછળના ભાગે પણ છુંદણું હતુ. મૃત્યુ પછી અકડાવવાની ક્રિયા આખા શરીર ઉપર હતી. પી.એમ.લીવીડીટી શરીરના પાછળના ભાગે દબાણ સિવાય વિસ્તારમાં હતી. બંને આંખો બંધ હતી. મોં સાધારણ ખુલ્લુ હતુ. જીભ મોઢાની અંદર હતી. નાક, કાન અને મોં માંથી કોઇ પ્રવાહી નીકળતુ ન હતુ. જૈનદ્રીય પર કોઇ ઈજા ન હતી. શબની બાહ્ય તપાસ કરતા માથાના જમણા પેરાઇટલ ભાગમાં જમણા કાનથી ૮.૫ સે.મી. ઉપરની બાજુ તેમજ વચ્ચેથી ૩ સે.મી. જમણી બાજુ એક ૪ ×૧.૫ સે.મી. માપનો હાડકા સુધી ઉંડો છુંદાયેલો ઘા હતો. તેના છેડા અનિયમીત ચકામાવાળા અને લાલ રંગના હતા. ચહેરાની જમણી બાજુ ૧૧×૨ સે.મી. માપનું એક ચકામુ હતુ. જે ડાબા કાનથી ત્રાસો અને લાલ રંગનો હતો. છાતીના પાછળના ભાગે જમણી બાજુ ગર્દનથી નીચેની બાજુ ૧૬×૦.૫ સે.મી માપનો એક લાલ રંગનો ઉઝરડો હતો. ઈજા નં.૩ થી ૨ સે.મી. ઉપરની બાજુ ૫×૦.૨ સે.મી. માપનું એક લાલ રંગનો ઉઝરડો હતો. છાતીના આગળના ભાગે અને ડુટી જમણી બાજુ એક ત્રાસો ૯×૨ સે.મી માપનો એક લાલ રંગનો ચકામો હતો. ચહેરાની ડાબી બાજુ ડાબી આંખથી ૧.૫ સે.મી. નીચે ૧.૫ ×૦.૫ સે.મી માપનો એક ઉઝરડો હતો. તેમજ ડાબી આંખ ૭×૫ સે.મી. વિસ્તારમાં સોજી ગયેલી હતી. તેનો રંગ લાલશ પડતો હતો. જમણા હાથની પાછળની બાજુ કોણીથી ૮×૩ સે.મી માપનું એક લાલ રંગનું ચકામુ હતુ. પેટમાં ૧૩ સે.મી. વચ્ચેથી ડાબી બાજુ ૧૪×૪ સે.મી. માપનું એક લાલ રંગનું ચકામુ હતુ. ડાબા થાપાના બાહ્ય બાજુ વચ્ચેના ત્રીજા ભાગે ૧૦×૩ સે.મી. માપનું એક ત્રાસો લાલ રંગનો ચકામો હતો. ઈજા નં.૯ થી ૪ સે.મી. નીચેની બાજુ ડાબા થાપા ઉપર બાહ્ય બાજુ ૫ × ૨ સે.મી.

માપનો એક લાલ રંગનો ચકામો હતો. પીઠમાં પાછળના ભાગે ૧૩ × ૧.૫ સે.મી. માપનો એક ત્રાસો વચ્ચેથી જમણી બાજુ એક લાલ રંગનું ચકામુ હતુ. આ બધી ઈજાઓ મૃત્યુ પહેલાની હતી. સ્પર્શ અને બાહ્ય તપાસથી કોઇ અસ્થિભંગ જોવા મળેલો નહી.

વધુમાં આ ડોકટર સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, શબની આંતરિક તપાસ કરતા બાહ્ય ઈજા નં.૧ ને સુસંગત માથાની ચામડીમાં છુંટદાયેલો ઘા હતો તેમજ તેના આજુબાજુ વિસ્તારમાં ૧૬×૧૦.૫ સે.મી. માપનો રકત ભેગુ થયેલુ હતુ. જમણી પેરાઇટલ હાડકાનો ૭.૫ સે.મી. ×૦.૧ સે.મી. માપનું એક લીનીયર અસ્થિભંગ હતુ. મગજના જમણા વિસ્તારમાં સબડયુરલ અને સબ એરેકનોઇડ રકતસ્ત્રાવ હતો. તેમજ જમણા પેરાઇટલ અને ટેમ્પોરલ ભાગમાં મગજના અંદરના બાજુ પણ રકતસ્ત્રાવ હતો. ગર્દનમાં કોઇ ઈજાઓ અને અસ્થિભંગ ન હતો. છાતીમાં બાહ્ય ઈજા નં.૫ ને સુસંગત જમણી બાજુ ૯ × ૬.૫ સે.મી. વિસ્તારમાં રકત ભેગુ થયેલુ હતુ. ફેફસાના પડદા સલામત હતા. બંને ફેફસા કન્જસ્ટેડ અને એડીમટર્સ હતા. હૃદયમાં ગંઠાયેલુ લોહી હતુ. બાહ્ય ઈજા નં.૮ ને સુસંગત પેટની દિવાલમાં ૧૧ × ૮.૫ સે.મી. વિસ્તારમાં રકત ભેગુ થયેલુ હતુ. પેટના પોલાણમાં કોઇ પ્રવાહી ન હતુ. હોજરીમાં ૧૦૦ એમ.એલ. જેટલુ ગ્રે–કલરનું પ્રવાહી હતુ જેમાંથી અનિયમીત વાસ આવતી હતી. તેમજ મ્યુકોઝા કંજસ્ટેડ હતો. શરીરના બીજા અવયવોમાં કોઇ ઈજા ન હતી. તેમના મંતવ્ય મુજબ મરનારનું મૃત્યુ તેના છેલ્લા ભોજનથી ૪ થી ૫ કલાક પછી થયેલુ હતુ. મરનારના શરીરમાંથી વિશેરા તેમજ લોહીનું સેમ્પલ લઇ આવનાર કોન્સ્ટેબલને શીલ કરીને તપાસ માટે ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના ફોરવર્ડીંગ લેટર સાથે સુપરત કરેલા. મરનારને થયેલી ઈજાઓ મૃત્યુ પહેલાની હતી. તેનું મોત તેમના શબ પરીક્ષણના ૨૪ કલાકની અંદર થયેલુ હતુ. મરનારનું મૃત્યુ માથામાં આંતરિક રકત સ્ત્રાવના લીધે લાગેલા આધાતને કારણે નીપજયુ હતુ. પી.એમ. નોટ ડો.આર.એન.પટેલના હસ્તાક્ષરમાં લખેલ છે. તેમાં તેમની તથા ડો.આર.એન.પટેલની સહી તેઓ ઓળખી બતાવે છે. જે પી.એમ. નોટર આંક–૨૫ થી રજુ છે. પી.એમ. માં દર્શાવેલ ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી સંભવી શકે તેવા પ્રકારની હતી. આ ઈજાઓ લાકડી જેવી વસ્તુથી થઇ શકે તેવા પ્રકારની ઈજાઓ હતી. તેઓને પી.એમ. માટે મળેલ

ચાદી તેઓ સાથે લાવેલ છે તે તેઓએ રીસીવ્ડ કરેલી. તે ચાદી આંક–૨૬ થી રજુ છે.

આરોપીઓ તરફે આ ડોકટર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. તેમાં આ સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓને ચાદી સાથે ઈન્કવેસ્ટ પંચનામાની નકલ પણ મળેલી. એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓએ પી.એમ. કરતા પહેલા ચાદી અને ઈન્કવેસ્ટ પંચનામાનો અભ્યાસ કરેલો. એ વાત ખરી નથી કે, મરણ જનાર મગજની અસ્થિરતાના કારણો મોહલ્લામાં લથડીયા ખાતો ઘર ઉપર પથ્થરો મારતો હોચ અને કોઈ નશો કરેલ હાલતમાં પડી જતા તેવુ ચાદીમાં દર્શાવેલ છે. એ વાત ખરી નથી કે, આ ઈજા પામનારને થયેલી ઈજાઓ જો કોઈ ઈસમ નશાની હાલતમાં હોચ, અસ્થિર મગજનો હોચ, લથડીયા ખાતા ચાલતો હોચ અને ઘસાતા પડતા તેને આવી ઈજાઓ થઇ શકે. એ વાત ખરી નથી કે, કોઈ ઈસમ બાઇક ઉપર બેસીને જતો હોચ તોપણ આવી ઈજાઓ સંભવી શકે. એ વાત ખરી છે કે, ત.ક.અમલદારે અમને કોઈ હથિયાર બતાવીને અમારો કોઈ અભિપ્રાય એ બાબતે લીધેલો નથી. એ વાત ખરી નથી કે, મગજમાં લોહી ગંઠાઈ જવાના ઘણાં કારણો હોચ છે. આ કામમાં હેમરેજ થયેલ છે. એ વાત ખરી છે કે, અમે લીધેલા સેમ્પલો, બ્લડ સેમ્પલો પોલીસવાળા કેવી રીતે લઈ ગયા તેની અમને જાણ કરી નથી. એ વાત ખરી નથી કે, અમે ઈન્કવેસ્ટ પંચનામાને આધારે યાંત્રિક રીતે આ પી.એમ. નોટ તૈયાર કરી દીધેલ છે.

સદરહુ સાહેદ કે જેઓએ મરણ જનારનું પી.એમ. કરેલ છે. તેઓએ તેમની સરતપાસમાં મરણ જનારનું મૃત્યુ માથામાં આંતરિક રકતસ્ત્રાવના લીધેલ લાગેલ આઘાતના લીધે નીપજયુ હતુ અને આ ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી અને લાકડી જેવી વસ્તુથી થઇ શકે તવા પ્રકારની હતી તેવુ જણાવેલ છે. સદરહુ સાહેદે ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હેમરેજ થવાના ઘણાં બધા કારણ હોઈ શકે. સદરહુ ડોકટરશ્રીની જુબાની પરથી આ કામના આરોપીઓએ મરણ જનારને હથિયાર વડે માર મારીને તેનુ મોત નિપજાવેલ હોચ તેવી કોઈ હકીકત ફલીત થતી નથી.

(૧૧.૭) ફરીયાદપક્ષે આંક–૨૯ થી સાહેદ શંકરભાઈ ધનજીભાઈ રાઠોડને તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ ૧૭ વર્ષથી ગજરાબા

સોસાયટી, ડભોલી ગામ, સુરત ખાતે રહે છે. આરોપીના કથેરામાં બેસેલ ચાર ઇસમો તેમની સોસાયટીમાં રહેતા હોવાનું જણાવે છે. તેઓને ઉભા કરીને નામ પુછતા તેનુ નામ કમલ, તેજસ, સંજય તથા વસંતભાઇ હોવાનું જણાવે છે. તે સિવાયના અન્ય એક ઇસમને ઓળખી બતાવે છે. તે ઇસમ બીજી સોસાયટીમાં રહેતા હોવાનું જણાવે છે. તે ઇસમને ઉભા કરી નામ પુછતા તે પોતાનું નામ સાગર હોવાનું જણાવે છે. તેમને ઓળખી બતાવે છે. તેમની સોસાયટીમાં બનાવ બન્યાને પાંચ છ વર્ષ થયા હશે. ચોકકસ સમય હાલ યાદ નથી. બનાવના દિવસે તેઓ ગામ ગયેલા હતા. સોસાયટીમાં શું થયેલુ હતુ તેની તેમને ખબર નથી. તેમની સોસાયટીમાં વોચમેન રાખવામાં આવેલ નથી. નિકુંજ તેમનો દિકરો થાય છે. તેમની સોસાયટીમાં કોઇ ઇસમ આવેલ હોય અને તેવા કોઇ ઇસમને તેમની સોસાયટીવાળાએ ધકકો મારેલ હોય અને તેવા કોઇ અજાણ્યા ઇસમે તેમની સોસાયટીના કોઇ માણસને પકડીને નીચે પાડી દીધેલ હોય જેથી સોસાયટીના લોકોએ તેવા અજાણ્યા ઇસમ પાસેથી સોસાયટીના માણસને છોડાવવા કોઇ વસ્તુ વડે માર મારેલ હોય અને તેવા ઇસમનું ત્યાર બાદ બેભાન થઇ જતા ૧૦૮ આવતા મરણ જાહેર કરેલ હોય તેવુ તેઓએ કંઇ જોયેલ નહી. પોલીસ તેમની સોસાયટીમાં આવેલી કે કે તે તેઓ જાણતા નથી.

એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી માંગતા ઉલટ તપાસની પરવાનગી આપવામાં આવેલ છે.

આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે આજ રોજ તેઓએ કોર્ટમાં જે આરોપીઓ હાજર છે તે પૈકીના ચાર આરોપીઓ તેમની સોસાયટીમાં રહેતા હોવાથી તેઓને ઓળખી બતાવેલ છે. એ વાત ખરી છે કે હું આ બનાવ અંગે કંઇ જાણતો નથી.

(૧૧.૮) ફરીયાદપક્ષ તરફ આંક–૩૦ થી સાહેદ ધનુબેન બાબુભાઇ સલાટની જુબાની લેવામાં આવેલ છે. તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, મારે સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે. તેમના પતિ બાબુભાઇ નિવૃત જીવન જીવે છે.

તેમનો મોટો દિકરો કમલેશ હીરાની મજુરી કામ કરે છે અને નાનો દિકરો કિરીટ છે. તેઓ ઘરમાં રહેતા હોય તેથી તેમની ગજરાબા સોસાયટીના કોઇ ઇસમો આજે કોર્ટમાં હોય તો તેઓ ઓળખી શકે નહી. તેમની સોસાયટીમાં વોચમેન રાખવામાં આવતો નથી. કોઇ અજાણ્યો ઇસમ તેમની સોસાયટીમાં આવેલ કે કેમ તેની તેને કંઇ ખબર નથી કે તેવા કોઇ ઇસમને તેમની સોસાયટીવાળા કે કોઇ હથિયારથી માર મારેલ હોય અને જે કારણસર તેવો અજાણ્યો ઇસમ મરણ ગયેલ હોય તે અંગેની કોઇ હકીકત તેઓ જાણતા નથી. પોલીસ તેમની સોસાયટીમાં આવેલ કે કેમ તેની તેમને ખબર નથી. બનાવ અંગેની કોઇ હકીકત તેઓએ પોલીસને જણાવેલ હોય તેવુ બનેલ નથી.

એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી માંગતા ઉલટ તપાસની પરવાનગી આપવામાં આવેલ છે. બચાવપક્ષ તરફે આ સાહેદની કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૧.૯) ફરીયાદપક્ષે આંક–૩૧ થી સાહેદ કીરીટભાઇ બાબુભાઇ સલાટને તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ તેમના માતા–પિતા તથા કમલેશભાઇ સાથે હાલમાં રહે છે. તેઓ ૨૦ વર્ષથી ગજરાબા નગર સોસાયટીમાં રહે છે. તેમની સોસાયટીમાં કેટલા મકાન છે તે તેઓ કહી શકે નહી પણ ઘણા બધા મકાનો છે. તેમની સોસાયટીના પાંચ વ્યકિતઓ કોર્ટમાં પાછળ બેઠેલ છે તેઓને તેઓ ઓળખી બતાવે છે. જે પાંચ ઇસમો હાલના કામના આરોપીઓ છે. આ ઇસમોને પોલીસ પકડી ગયેલી કે કેમ તે તેઓ કંઇ જાણતા નથી. તેમની સોસાયટીમાં કોઇ વોચમેન રાખેલ નથી. તેમની સોસાયટીમાં કોઇ અજાણ્યો ઇસમ આવ્યો હોય અને તેવો કોઇ ઇસમને સોસાયટીના કોઇ વ્યકિતએ પકડતા અજાણ્યા ઇસમે પકડી લીધેલ હોય અને સોસાયટીના અન્ય ઇસમોએ સોસાયટીની તે વ્યકિતને છોડાવવા અજાણ્યા ઇસમને કોઇ હથિયારથી મારેલ હોય અને તે કારણે આવનાર અજાણ્યો ઇસમ મરી ગયેલ હોય તેવો કોઇ બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી માંગતા ઉલટ તપાસની પરવાનગી આપવામાં આવેલ છે.

આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે આજ રોજ કોર્ટમાં જે આરોપીઓ હાજર છે તેઓ તેમની સોસાયટીમાં રહેતા હોવાથી તેઓને ઓળખી બતાવેલ છે. તે સિવાય બીજી કોઇ હકીકત તેઓ જાણતા નથી.

(૧૧.૧૦)ફરીયાદપક્ષ તરફે સાહેદ નીકુંજ શંકરભાઇ રાઠોડને આંક–૩૨ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, હાલમાં તેઓ માર્કેટીંગમાં નોકરી કરે છે. સને–૨૦૧૫ માં શ્યામ મોબાઇલની દુકાન કે જે કતારગામ મુકામે આવેલ છે ત્યાં નોકરી કરતા હતા. તે અગાઉ તેઓ કોન્ટ્રાકટ બેઇઝ પર ફાઇલેરીયા ખાતામાં નોકરી કરતા હતા. સને–૨૦૧૫ ની સાલમાં બનાવ બન્યો તે સમયે તેઓ તેમના ગામ મોરા મુકામે ગયેલા. બે – ત્રણ દિવસ બાદ ઘરે આવી નોકરી પર ગયેલા ત્યારે તેમના ઘરેથી ફોન આવેલ કે પોલીસવાળા આવેલા છે. જેથી તેઓ ચોકબજાર પોલીસ સ્ટેશને ગયેલા. તેમની સોસાયટીની પાછળ ખેતર આવેલ છે ત્યાં કોઇ એકસીડન્ટ થયેલ અને મરણ ગયેલ. જે અંગે પોલીસે તેમની પુછપરછ કરવા બોલાવેલ. તેમની સોસાયટીના વ્યકિતઓને તેઓ આરોપી તરીકે ઓળખે છે અને તેમાંથી અમુકના નામની તેમને ખબર છે. જે આરોપીઓ કઠેરામાં બેસેલા છે તે પૈકી આરોપી નં.૧ ને બતાવીને તેઓ તેમનુ નામ તેજસભાઇ છે તેમ જણાવેલ છે. તે સિવાયના ચાર આરોપીઓના નામની તેમને ખબર નથી પરંતુ તેઓ તેમની સોસાયટીના છે તેઓને જોયેથી તેઓ ઓળખે છે. તેમની સોસાયટીમાં પોલીસ આવેલ હોય તેવુ તેઓએ કંઇ જોયેલ નહી. તેમની સોસાયટીમાં ૧૦૮ એમ્બ્યુલન્સ આવેલ કે કેમ તે પણ તેઓ જાણતા નથી.

એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી માંગતા ઉલટ તપાસની પરવાનગી આપવામાં આવેલ છે.

આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે આજ રોજ કોર્ટમાં જે આરોપીઓ હાજર છે તેઓ તેમની સોસાયટીમાં રહેતા હોવાથી તેઓને ઓળખી બતાવેલ છે. તે સિવાય બીજી કોઇ હકીકત તેઓ જાણતા નથી.

સદરહુ તમામ સાહેદો કે જેઓ આરોપીઓ જે સોસાયટીમાં રહેતા હતા તે સોસાયટીમાં રહે છે અને ફરીયાદની હકીકત મુજબ તેઓની સોસાયટીમાં પથ્થર પડવાનો અવાજ આવતા તેઓ બધા ઘરની બહાર નીકળીને જોવા આવતા એક ઇસમ તેમની સોસાયટીમાંથી લથડિયા ખાતો જતો હતો તેવુ તેમણે નિવેદનમાં જણાવેલ છે પરંતુ સદરહું તમામ સાહેદોએ તેમની જુબાનીમાં આ કામના આરોપીઓએ તેમની સોસાયટીમાં જે વ્યકિત લથડીયા ખાઇને જતો હતો તેને હથિયાર વડે માર મારી મોત નિપજાવેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી અને તેથી તમામ સાહેદોની જુબાની પરથી આ કામના આરોપીઓએ મરણ જનારનુ ખુન કરેલ હોય તેવી કોઇ હકીકત ફલીત થતી નથી.

(૧૧.૧૧)ફરીયાદપક્ષ તરફે સાહેદ ભાનુદાસ હીરામણ પાટીલને આંક-૩૩ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ ૨૦૧૫ ની સાલમા ગજરાબા નગર, ડભોલી ગામે રહેતા હતા અને તે સમયે તેઓ સોસાયટીના પ્રમુખ હતા. તેમની સોસાયટીનું તમામ કામકાજ તેમની દેખરેખ હેઠળ થતુ હતુ. સોસાયટીમાં કોઇ બનાવ બને તો તે અંગેની જાણ રહીશો પ્રમુખ તરીકે તેમને કરતા હતા. સને-૨૦૧૫ ની સાલમાં તેમની સોસાયટીમાં કોઇ બનાવ બન્યો હોય તો તેની તેમને ખબર નથી. સોસાયટીના રોડ, રસ્તા, ગટર લાઇન બાબતનું કામકાજ તેમણે કરવાનું હોય છે. તેઓ પ્રમુખ તરીકે ફરજ બજાવતા હોય સોસાયટીની વ્યકિતઓને ઓળખે છે. તેમની સોસાયટીના પાંચ જણા કોર્ટમાં હાજર છે તેઓને

ઓળખી બતાવે છે. તેમાંથી બે એક ઇસમના નામ તેઓ જાણે છે. જેમાં એક વસંતભાઇ અને એક સંજયભાઇ છે. જેઓને તેઓ ઓળખી બતાવે છે. તેમની સોસાયટીની રોડની બાજુમાં કોઇ એકસીડન્ટનો બનાવ બનેલ હતો. જે બાબતે પોલીસવાળા આવેલા અને તેમની સહી લઇ ગયેલા. પોલીસે લખેલ હકીકત તેમને વાંચવા આપેલ નહી. માત્ર તેમની સહી કરાવેલી. તેમને અસલ પોલીસ કાગળમાંથી તા.૦૯/૧૦/૨૦૧૫ ની અકસ્માત મોત અંગેની જાહેરાત બતાવતા તેના પરની તેમની સહી તેઓ ઓળખે છે. તે આંક–૩૪ થી રજુ છે. તેઓએ ચોકબજાર પોલીસ સ્ટેશન જઇ જાહેરાત આપેલી હોય તેવુ બનેલ નહી. કોઇ ઇસમ તેમની સોસાયટીમાં લથડીયા ખાતો આવેલ હોય અને તેમની સોસાયટીના ઇસમોએ તે વ્યકિતને મારેલ અને તે કારણસર તે ઇસમ મરણ ગયેલ હોય તેવુ બનેલ નહી. તેઓએ પોલીસને કે ૧૦૮ ને ફોન કરેલ નહી.

એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી માંગતા ઉલટ તપાસની પરવાનગી આપવામાં આવેલ છે.

આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે તેમની સોસાયટીમાં ઘણા બધા પરપ્રાંતીય વસ્તી રહેલી છે. તે લોકો ભાડેથી રહેવા આવતા હોય અને મકાન ખાલી કરીને જતા રહે છે તેના કારણે તેઓ બધાને વ્યકિતગત રીતે ઓળખી શકે નહી. આજ રોજ કોર્ટમાં જે આરોપીઓ હાજર છે તેઓ તેમની સોસાયટીમાં રહેતા હોવાથી તેઓને ઓળખી બતાવેલ છે. તે સિવાય બીજી કોઇ હકીકત તેઓ જાણતા નથી. તેઓ સોસાયટીના પ્રમુખ હોવાથી પોલીસે તેમનુ ફકત નામ સરનામુ પુછેલુ તેઓએ પોલીસને બીજી કોઇ હકીકત જણાવેલ નહી.

સદરહુ સાહેદ કે જેઓ જે બનાવાળી સોસાયટી છે તેના પ્રમુખ છે. તેઓએ તેમની જુબાનીમાં આ કામના આરોપીઓને ઓળખી બતાવેલ છે પરંતુ આ આરોપીઓ તેમની સોસાયટીમાં રહેતા હોવાથી તેઓએ તેમને ઓળખી બતાવેલ છે. સદરહુ સાહેદે જાણવા જોગ અરજી આંક–૩૪ થી આપેલ તેને કોઇ સમર્થનકારી જુબાની આપેલ નથી અને તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. તેઓની

જુબાની પરથી આ કામના આરોપીઓએ મરણ જનારને હથિયાર વડે માર મારીને તેમનુ મોત નિપજાવેલ હોય તેવી કોઇ હકીકત ફલીત થતી નથી.

(૧૧.૧૨)ફરીયાદપક્ષ તરફે સાહેદ મોહનભાઇ કીશન સુરડકરને આંક–૩૭ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સને–૨૦૧૫ ની સાલમાં જુદા જુદા વિસ્તારમાં કલરકામ કરતા હતા. તેમની નોકરીનો સમય સવારના ૯ થી સાંજના ૬ વાગ્યા સુધીનો હતો. મરનાર વિશાલ ગણેશ જાદવ તેમનો ભાણેજ થતો હતો. અંદાજે છ સાત વર્ષ પહેલા તેમનુ મૃત્યુ થયુ હતુ. કેવી રીતે થયુ તેની તેમને ખબર નથી. કોઇ ટોળાએ તેને મારેલ હોય અને ગુજરી ગયો હોય તેવુ બનેલ નહી. તેમને એકઝી. મેજી. સમક્ષ ઓળખ પરેડ કરવા માટે લઇ ગયા હોય તેવુ બનેલ નથી. પોલીસે તેમનું નિવેદન લીધેલુ.

એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી માંગતા ઉલટ તપાસની પરવાનગી આપવામાં આવેલ છે.

આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે મરણ જનાર કલરકામની મજુરીનું કામકાજ કરતો હતો. એ વાત ખરી છે કે, મરણ જનાર નશો કરવાની ટેવવાળા હતા અને તેના કારણે તેનો મગજ પરનો કાબુ રહેતો ન હતો. એ વાત ખરી છે કે મરણ જનાર નશો કરતો ત્યારે તેના મગજ પરનો કાબુ ન રહેતા તે રસ્તા ઉપર જતા માણસો સાથે ઝઘડો કરતો હતો. એ વાત ખરી છે કે, મરણ જનાર નશો કરતો હોવાથી ઘણી વખત મારા ઘરે બે–ત્રણ દિવસ પછી આવતો હતો. એ વાત ખરી છે કે, અમે પોલીસ સ્ટેશન ગયા ત્યારે જાણ થયેલી કે વિશાલભાઇ ગુજરી ગયા છે. એ વાત ખરી છે કે, બનાવ અંગેની મને કોઇ જાત માહિતી નથી.

(૧૧.૧૩)ફરીયાદપક્ષ તરફે સાહેદ ચેતનભાઇ સમાધાનને આંક–૩૮ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સને–૨૦૧૫ ની

સાલમાં જુદા જુદા વિસ્તારમાં તેઓ કલરકામ કરતા હતા. તેમની નોકરીનો સમય સવારના ૯ થી સાંજના ૬ વાગ્યા સુધીનો હતો. મરનાર વિશાલ ગણેશ જાદવ તેમનો માસીભાઇ થતો હતો. અંદાજે છ સાત વર્ષ પહેલા તેમનુ મૃત્યુ થયુ હતુ. કેવી રીતે થયુ તેની તેમને ખબર નથી. કોઇ ટોળાએ તેને મારેલ હોય અને ગુજરી ગયો હોય તેવુ બનેલ નહી. તેમને એકઝી. મેજી. સમક્ષ ઓળખ પરેડ કરવા માટે લઇ ગયા હોય તેવુ બનેલ નથી. પોલીસના કહેવાથી તેઓને વિશાલના મૃત્યુ અંગેની જાણ થયેલી. તેઓ આરોપીઓને ઓળખતા નથી. પોલીસે તેમનું નિવેદન લીધેલુ.

એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી માંગતા ઉલટ તપાસની પરવાનગી આપવામાં આવેલ છે.

આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે મરણ જનાર કલરકામની મજુરીનું કામકાજ કરતો હતો. એ વાત ખરી છે કે, મરણ જનાર નશો કરવાની ટેવવાળા હતા અને તેના કારણે તેનો મગજ પરનો કાબુ રહેતો ન હતો. એ વાત ખરી છે કે મરણ જનાર નશો કરતો ત્યારે તેના મગજ પરનો કાબુ ન રહેતા તે રસ્તા ઉપર જતા માણસો સાથે ઝઘડો કરતો હતો. એ વાત ખરી છે કે, મરણ જનાર નશો કરતો હોવાથી ઘણી વખત મારા ઘરે બે–ત્રણ દિવસ પછી આવતો હતો.  એ વાત ખરી છે કે, અમે પોલીસ સ્ટેશન ગયા ત્યારે જાણ થયેલી કે વિશાલભાઇ ગુજરી ગયા છે. એ વાત ખરી છે કે, બનાવ અંગેની મને કોઇ જાત માહિતી નથી.

સદરહુ બંને સાહેદોની જુબાની વંચાણે લેતાં આ કામના મરણ જનાર નશો કરવાની ટેવવાળા હતા અને તેથી તેઓના મગજ ઉપર કાબુ રહેતો ન હતો તેવુ જણાય છે. સદરહુ બંને સાહેદો ઓળખ પરેડ માટે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ ગયા હોય તેવુ બનેલ નથી તેવુ જણાવેલ છે. આમ, સદરહુ બંને સાહેદોની જુબાની પરથી આ બંને સાહેદોએ આ બનાવ નજરે જોયેલો હોય અને આ કામના આરોપીઓએ મરણ જનાર વિશાલ જાદવનું ખુન કરેલ હોય તેવી હકીકત જણાતી નથી. વધુમાં આ બંને સાહેદોએ એકઝીકયુટીવ

મેજીસ્ટ્રેટ સમક્ષ જઇ આરોપીઓને આળખપરેડમાં ઓળખી બતાવેલ હોય તેવુ પણ બનેલ નથી.

(૧૧.૧૪)ફરીયાદપક્ષ તરફે સાહેદ સમાધાન દિલીપ ધેવન્ડેને આંક–૩૯ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સને–૨૦૧૫ ની સાલમાં જુદા જુદા વિસ્તારમાં તેઓ કલર કામ કરતા હતા. તેમની નોકરીનો સમય સવારના ૯ થી સાંજના ૬ વાગ્યા સુધીનો હતો. મરનાર વિશાલ ગણેશ જાદવ તેમનો સાળો થતો હતો. સને–૨૦૧૫ માં તેમનુ મૃત્યુ થયુ હતુ. કેવી રીતે થયુ તેની તેમને ખબર નથી. કોઇ ટોળાએ તેને મારેલ હોય અને ગુજરી ગયો હોય તેવુ બનેલ નહી. તેઓ સીવીલ હોસ્પિટલમાં ગયેલા ત્યાં તેમના સાળાની લાશ હતી. તેઓએ ફકત તેનો ચહેરો જોયેલો. તેને કફન પહેરાવેલુ હતુ તેથી તેણે શું કપડા પહેરેલા હતા તે તેઓએ જોયેલા નહી. તેઓએ પોલીસને કોઇ બનાવવાળી જગ્યા બતાવેલી નહી. તેમને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ ઓળખ પરેડ કરવા માટે લાજપોર જેલમાં લઇ ગયા હોય તેવુ બનેલ નથી. પોલીસના કહેવાથી તેઓને વિશાલના મૃત્યુ અંગેની જાણ થયેલી. તેઓ આરોપીઓને ઓળખતા નથી. પોલીસે તેમની તૈયાર લખાણ ઉપર સહી લીધેલી. તેમને ૧૧/૧ ની અસલ ફરીયાદ બતાવતા તેમાં તેમની સહી તેઓ ઓળખી બતાવે છે. તે આંક–૪૦ થી રજુ છે.

મુદ્દામાલ આર્ટીકલ નં.૧,૨ અને ૩ જે શીલબંધ હાલતમાં છે તે ખોલીને તેમને મુદ્દામાલ આર્ટીકલ નં.૧ બતાવતા તેમાં સફેદ કલરની ફાટેલી ટી–શર્ટ જેના પર અંગ્રેજીમાં સ્ટીલ બર્ડ લખેલ છે તેના ઉપર લોહીના છુટા છવાયા ડાઘા જણાય છે તે તેઓ ઓળખતા નથી. મુદ્દામાલ આર્ટીકલ નં.૨ ગ્રે–કલરની પેન્ટ માટીથી ખરડાયેલ છે તે તેમને બતાવતા તે તેઓ ઓળખતા નથી. તેમને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ કથ્થઇ કલરની નીકર છે તે તેમને બતાવતા તે તેઓ ઓળખતા નથી.

એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી માંગતા ઉલટ તપાસની પરવાનગી આપવામાં આવેલ છે.

આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે, મરણ જનાર વિશાલ નશો કરવાની ટેવવાળા હતા અને તેના કારણે તેનો મગજ પરનો કાબુ રહેતો ન હતો. એ વાત ખરી છે કે, મરણ જનાર નશો કરતો હતો ત્યારે તેના મગજ પરનો કાબુ ન રહેતા એ રસ્તા ઉપર જતા માણસો સાથે ઝઘડો કરતો હતો. એ વાત ખરી છે કે, મને પોલીસ સ્ટેશનમાંથી ફોન આવેલો ત્યારે જાણ થયેલી કે વિશાલ ગુજરી ગયેલ છે. એ વાત ખરી છે કે પોલીસ સ્ટેશનમાં મારી તૈયાર લખેલા કાગળમાં સહી કરાવેલી. મને ગુજરાતી લખતા વાંચતા આવડતુ નથી. એ વાત ખરી છે કે, પોલીસ મને ઓળખ માટે લઈ ગઈ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, વિશાલ કેવી રીતે ગુજરી ગયો તેની મને ખબર નથી.

સદરહુ સાહેદ કે જેઓએ આંક-૪૦ ની ફરીયાદ આપેલ છે. તેઓએ આંક-૪૦ની ફરીયાદને સમર્થનકારી જુબાની આપેલ નથી અને તેઓ મરણ જનારના બનેવી થાય છે. તેઓને મરણ જનાર કે જેઓ તેમના સાળા થાય છે તેનુ મરણ કેવી રીતે થયેલુ તેની ખબર નથી. તેઓએ પોલીસને કોઈ જગ્યા બતાવેલી નથી અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ આ ફરીયાદી ગયા હોય તેવુ પણ તેમની જુબાની પરથી ફલીત થતુ નથી. સદરહુ સાહેદે મરણ જનારના કપડાં પણ ઓળખી બતાવેલ નથી. આમ, સદરહુ સાહેદ કે જેઓ આ કામના ફરીયાદી અને નજરે જોનાર સાહેદ છે પરંતુ તેઓએ ફરીયાદપક્ષને સમર્થનકારી જુબાની આપેલ નથી અને આ ફરીયાદીની જુબાની પરથી મરણ જનારનું મોત આ કામના આરોપીઓએ નિપજાવેલ હોય તેવુ જણાતુ નથી. વધુમાં આ સાહેદની ઉલટ તપાસ પરથી તેમનો સાળો મરણ જનાર નશો કરવાની ટેવવાળો હતો અને તેઓ રસ્તા ઉપર જતા માણસો સાથે ઝઘડો કરતા હતા તેવુ જણાય છે. આ મરણ જનાર કેવી રીતે ગુજરી ગયેલા તેની તેઓને ખબર નથી.

(૧૧.૧૫)ફરીયાદપક્ષ તરફે સાહેદ રેખાબેન સમાધાન ધેવન્ડેને આંક–૪૧ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ ૨૦૧૫ ની સાલમાં ઘરકામ કરતા હતા. તેમના પતિનુ નામ સમાધાન દિલીપભાઈ છે. મરનાર વિશાલ ગણેશ જાદવ તેમનો મોટો ભાઈ થતો હતો. સને–૨૦૧૫ માં તેમનું મૃત્યુ થયુ હતુ. કેવી રીતે થયુ તેની તેમને ખબર નથી. કોઈ ટોળાએ તેને મારેલો હોય અને ગુજરી ગયો હોય તેવુ બનેલ નહી. તેમને એકઝી. મેજી. સમક્ષ ઓળખ પરેડ કરવા માટે લાજપોર જેલમાં લઈ ગયા હોય તેવુ બનેલ નથી. પોલીસના કહેવાથી તેઓને વિશાલના મૃત્યુ અંગેની જાણ થયેલી. તેઓ આરોપીઓને ઓળખતા નથી. પોલીસે બનાવ સબંધે તેમનુ નિવેદન લીધેલુ.

એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી માંગતા ઉલટ તપાસની પરવાનગી આપવામાં આવેલ છે.

આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે વિશાલ નશો કરતો હતો અને ગાંડપણમાં આમતેમ ઘુમતો હતો. એ વાત ખરી છે કે, વિશાલ નશો કરતો હતો તેથી રસ્તા પર જતા માણસો સાથે ઝઘડો કરતો હતો. એ વાત ખરી છે કે, વિશાલ કેવી રીતે ગુજરી ગયો તેની તેમને ખબર નથી અને તેઓએ કંઈ જોયેલ નથી.

(૧૧.૧૬) ફરીયાદપક્ષ તરફે સાહેદ શીલાબેન ગણેશભાઈ જાદવને આંક–૪૨ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ ૨૦૧૫ ની સાલમાં ઘરકામ કરતા હતા. મરનાર વિશાલ ગણેશ જાદવ તેમનો પુત્ર થતો હતો. સને–૨૦૧૫ માં તેમનું મૃત્યુ થયુ હતુ. કેવી રીતે થયુ તેની તેમને ખબર નથી. કોઈ ટોળાએ તેને મારેલો હોય અને ગુજરી ગયો હોય તેવુ બનેલ નહી. તેમના જમાઈ સમાધાન ધેવન્ડેના કહેવાથી તેઓને વિશાલના મૃત્યુ અંગેની જાણ થયેલી. તેઓ આરોપીઓને ઓળખતા નથી. પોલીસે બનાવ સબંધે તેમનુ નિવેદન લીધેલુ.

એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી માંગતા ઉલટ તપાસની પરવાનગી આપવામાં આવેલ છે.

આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે તેમનો પુત્ર વિશાલ સુરત રહેતો હતો અને તેઓ તેમના ગામ મહારાષ્ટ્રમાં રહેતા હતા. એ વાત ખરી છે કે મારો પુત્ર કેવી રીતે ગુજરી ગયો તેની મને ખબર નથી અને તે અંગે મારી દિકરી તથા જમાઇએ મને કોઇ હકીકત જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મારો પુત્ર વિશાલ માનસિક રીતે અસ્વસ્થ હતો અને તેના કારણે તે ગમે ત્યાં ચાલી જતો હતો અને બે ત્રણ દિવસ પછી પાછો આવતો હતો.

(૧૧.૧૭) ફરીયાદપક્ષ તરફે સાહેદ રમાબેન વિશાલ જાદવને આંક–૪૩ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ ૨૦૧૫ ની સાલમાં ઘરકામ કરતા હતા. મરનાર વિશાલ ગણેશ જાદવ તેમનો પતિ થતો હતો. સને–૨૦૧૫ માં તેમનું મૃત્યુ થયુ હતુ. કેવી રીતે થયુ તેની તેમને ખબર નથી. કોઇ ટોળાએ તેને મારેલો હોય અને ગુજરી ગયો હોય તેવુ બનેલ નહી. તેમના નણદોઇ સમાધાન ધેવન્ડેના કહેવાથી તેઓને વિશાલના મૃત્યુ અંગેની જાણ થયેલી. તેઓ આરોપીઓને ઓળખતા નથી. પોલીસે બનાવ સબંધે તેમનુ નિવેદન લીધેલુ.

એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી માંગતા ઉલટ તપાસની પરવાનગી આપવામાં આવેલ છે.

આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે તેમના પતિ વિશાલ સુરત રહેતા હતા અને તેઓ તેમના ગામ મહારાષ્ટ્રમાં રહેતા હતા. એ વાત ખરી છે કે, મારા પતિ કેવી રીતે ગુજરી ગયા તેની મને ખબર નથી અને તે અંગે મારી નણંદ તથા નણંદોઇએ મને કોઇ હકીકત જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મારા પતિ વિશાલ માનસિક રીતે અસ્વસ્થ હતા અને તેના કારણે તે ગમે ત્યાં ચાલી જતા હતા અને બે – ત્રણ દિવસ પછી પાછા આવતા હતા.

સદરહુ તમામ સાહેદો કે જેઓ મરણ જનારના બહેન, માતા તથા પત્ની છે. તેઓની જુબાની પરથી આ કાના આરોપીઓએ મરણ જનારને હથિયાર વડે માર મારીને મરણ જનારનું મોત નિપજાવેલ હોય તેવી કોઇ હકીકત ફલીત થતી નથી. આ તમામ સાહેદોની જુબાની પરથી આરોપીઓની ઓળખ પરેડમાં તેઓ ગયા હોય તેવુ પણ જણાતુ નથી. આ તમામ સાહેદો કે જેઓ મરણ જનારના નિકટના સગા છે તેઓએ તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે મરણ જનાર વિશાલ નશો કરતો હતો અને ગાંડપણમાં આમતેમ ઘુમતો હતો અને રસ્તા પર જતા માણસો સાથે ઝઘડો કરતો હતો અને તે કેવી રીતે ગુજરી ગયો તે તેઓ જોયેલ નથી કે તે બાબતની તેઓને જાણ નથી. સદરહુ સાહેદોની જુબાની પરથી મરણ જનાર નશો કરવાની ટેવવાળા હતા અને માનસિક રીતે અસ્વસ્થ હતા તેવુ ફલીત થાય છે.

(૧૧.૧૮) ફરીયાદપક્ષ તરફે સાહેદ મહેશભાઇ હુરીયાભાઇ ચૌધરીને આંક–૪૫ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૯/૧૦/૨૦૧૫ ના રોજ તેમની નોકરી ચોકબજાર પોલીસ સ્ટેશનમાં અમલદાર તરીકેની હતી. તે દરમ્યાન સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૧૭ કલાક ૧૧.૫૫ વાગ્યે ચોકબજાર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૧૦/૨૦૧૫, ઇ.પી.કો. કલમ–૩૦૨, ૧૪૩, ૧૪૭,૧૪૮, ૧૪૯ મુજબની ફરીયાદ પો.સ.ઇ. એસ.જે.બલોચ રૂબરુની લખાઇ આવતા ગુનો રજીસ્ટર કરી સી.આર.પી.સી. ની કલમ–૧૫૭ નો જાહેર રીપોર્ટ કરી તે અંગેની સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૧૭ થી નોંધ કરી આગળની તપાસ પો.સ.ઇ. શ્રી ખરાડી સાહેબને ડેપ્યુટ કરેલી. તેઓ તેમની સાથે આંક–૪૬ વાળી કોમ્પ્યુટરાઇઝડ સ્ટેશન ડાયરી એન્ટ્રીની ખરી નકલ લાવેલ છે જે તેઓ ઓળખી બતાવે છે.

આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં આ સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, તેમને બનાવ અંગેની કોઇ જાત માહિતી નથી.

(૧૧.૧૯) ફરીયાદપક્ષ તરફે સાહેદ મહમદઅનીસ અબ્દુલ રસીદ મુજાવરને આંક–૪૭ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૯/૧૦/૨૦૧૫ ના રોજ ચોકબજાર પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ.તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ચોકબજાર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૧૧૦/૧૫

ના કામે તેમની રૂબરુ અ.પો.કો. સુરેશભાઇ કાંતિલાલ બકકલ નં.૪૧૬ નાઓ મરણ જનાર વિશાલ ગણેશભાઇ જાદવનું સ્મીમેર હોસ્પિટલમાં પી.એમ. કર્યા બાદ તેની લાશ ઉપરના કપડા રજુ કરતા હોય તેથી બે પંચોને બોલાવી ત્યાર બાદ તે અંગેનું વિગતવારનું પંચનામુ કરેલુ. આ પંચનામા ઉપર બંને પંચોની સહીઓ લઇ રૂબરુમાં તેમની સહી કરેલી. મરણ જનારના કપડા એક કાપડની થેલીમાં મુકી પંચોની સહીવાળી કાપલી ચોંટાડી ચોકબજાર પોલીસ સ્ટેશનના માર્કાનું શીલ કરી તપાસના કામે કબજે લીધેલ તે અંગેનું વિગતવારનું પંચનામુ તેમની રૂબરુ થયેલ તે આંક–૪૮ વાળા પંચનામામાં રૂબરુમાં તેમની તથા બંને પંચોની સહી તેઓ ઓળખી બતાવે છે. તેમને મુદ્દામાલ આર્ટીકલ નં.૧ સફેદ કલરનું ટીશર્ટ હાફ બાયનું બતાવતા તેના ઉપર અંગ્રેજીમાં ૨ સ્ટીલ બર્ડ લખેલ છે. તેના ઉપર લોહીના છુટા છવાયા ડાધા જણાયેલા છે. આ ટીશર્ટ તેઓએ કબજે કરેલ તેજ છે. તેમને મુદ્દામાલ આર્ટીકલ નં.૨ એક ગ્રે કલરની પેન્ટ જે માટીથી ખરડાયેલ છે તે બતાવતા તે તેઓએ કબજે કરેલ તેજ છે. તેમને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ એક કથ્થઇ કલરની નીકર છે તે બતાવતા તે તેઓએ કબજે કરેલ તેજ છે.આ ત્રણેય મુદ્દામાલ કપડામાં તેઓએ બે પંચોની હાજરીમાં પંચનામુ કરીને કબજે કરેલા. પંચોની હાજરીમાં શીલબંધ કરી પંચોની સહીવાળી તથા તેમની સહીવાળી સ્લીપ લગાડવામાં આવેલી. તે આંક–૪૯ વાળી પંચસ્લીપ તેમને બતાવતા તેમાં તેમની તથા તેમની રૂબરુમાં બંને પંચોની સહી કરેલી તે તેઓ ઓળખી બતાવે છે.

આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ ત પાસમાં આ સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, તેમની રૂબરુમાં જે કપડા રજુ કરેલા તે ખુલ્લા હતા. એ વાત ખરી છે કે, આવા કપડા બજારમાં મળી શકે.

સદરહુ સાહેદ કે જઓએ મરણ જનારના લાશ ઉપરથી કપડા પંચોની હાજરીમાં કબજે કરેલા તેવુ જણાવેલ છે પરંતુ આંક–૪૮ ના પંચનામાના પંચોએ પંચનામાને સમર્થનકારી જુબાની આપેલી નથી.

(૧૧.૨૦) ફરીયાદપક્ષ તરફે સાહેદ વાહતાભાઇ સોમાભાઇ પટેલને આંક–૫૦ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, સને–૨૦૧૫ ના રોજ ચોકબજાર પોલીસ સ્ટેશનમાં પ્રોબે. પો.સ.ઇ. તરીકે ફરજ બજાવતા હતા તે વખતે

તેમની નોકરી પો.સ્ટે.ઇન્વે. તા.૦૮/૧૦/૨૦૧૫ ના રોજ ૦૮.૦૦ થી બીજા દિવસે તા.૦૯/૧૦/૨૦૧૫ ના રોજ સવારે ૦૮.૦૦ વાગ્યા સુધીની હતી. તે દરમ્યાન તેઓ રાત્રિના નોકરી પર હતા ત્યારે પી.એસ.ઓ.એ તેમને ટેલીફોનથી જાણ કરેલ કે લેક ગાર્ડન, ડભોલી વિસ્તારમાં કંટ્રોલમાંથી ફોન આવેલ કે કોઇ વ્યકિત સોસાયટીના મકાન ઉપર પથ્થરો ફેંકે છે અને લવારા કરે છે અને લઠડીયા ખાય છે વિગેરે હકીકત જણાવેલી. તેઓએ તે જગ્યા પર જઇ તે વખતે ત્યાં એક વ્યકિત સુતેલી હાલતમાં પડેલો હોય અને ત્યાં ભાનુદાસ હીરામણ પાટીલનાઓ હાજર હોય તથા સમાધાન દિલીપભાઇ તથા અન્ય માણસો હાજર હોય તેઓને પુછપરછ કરી ત્યાર બાદ વ્યકિતને શરીરે જોતા માથાના ભાગે તથા શરીરે ઇજાઓ હોય જેથી તેઓએ ભાનુદાસ હીરામણી પાટીલની જાહેરાત લઇ અકસ્માત નોંધ દાખલ કરવા માટે પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. ને મોકલી આપેલ. પી.એસ.ઓ. એ અકસ્માત નોંધ નં.૧૨૩/૧૫ થી દાખલ કરેલ. તે આંક–૩૪ વાળી નોંધ બતાવતા તે અકસ્માતની જાહેરાત છે તેમાં તેમની સહી તેઓ ઓળખે છે. ત્યાર બાદ આગળની તપાસ તેમના તરફ હુકમ કરતા તેઓએ આગળની તપાસ સંભાળી લીધેલી. તેઓએ લેક ગાર્ડન ડભોલી મુકામે બે પંચોને બોલાવી પંચોની હાજરીમાં મરણ જનાર વિશાલ જાદવનું ઇન્કવેસ્ટ પંચનામુ કરેલુ અને બંને પંચોની સહી કરાવેલી અને રૂબરુમાં તેઓએ તેમની સહી કરેલી. તેમને આંક–૨૧ નું પંચનામુ બતાવતા તે પંચનામું તેઓએ કરેલુ તે જે છે. તેઓએ સમાધાનનું નિવેદન લીધેલ. પી.એમ. કરાવવા માટે શબ સ્મીમેર હોસ્પિટલમાં મોકલી આપેલ. આગળની તપાસ પી.આઇ. શ્રી બલોચ સાહેબનાઓએ સંભાળી લીધેલી.

આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં આ સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, જે અકસ્માત નોંધ દાખલ કરી તે બનાવ રાત્રીનો હતો. એ વાત ખરી છે કે, હું બનાવવાળા સ્થળે ગયો ત્યારે મને એવી હકીકત જાણવા મળેલી કે મરણ જનાર વિશાલભાઇ અસ્થિર મગજનો હતો, નશો કરેલી હાલતમાં હતો અને લઠડીયા ખાતો જાય છે અને મકાન ઉપર છુટો પથ્થર મારતો હતો. એ વાત ખરી છે કે, મે ઇન્કવેસ્ટ પંચનામાના કોલમ નં.૧૨ માં એવી હકીકત જણાવેલ છે કે, મરણ જનાર વિશાલભાઇ અસ્થિર મગજનો હતો, નશો કરેલી હાલતમાં હતો અને લઠડીયા ખાતો જાયે છે અને મકાન ઉપર છુટો પથ્થર મારો કરતો હતો. એ વાત

ખરી છે કે મારી તપાસ દરમ્યાન કોઈ આરોપીઓના નામ ખુલેલા નહી.એ વાત ખરી છે કે, સમાધાન દિલીપ ભીવડેના નિવેદનમાં એવી હકીકત લખાવેલ કે છેલ્લા ત્રણ ચાર દિવસથી મગજની હાલત બરાબર ન હતી અને લવારા બકવાસ કરતો હતો અને ગમે ત્યારે ગમે ત્યાં ચાલી જતો હતો અને દારૂ પીવાની ટેવવાળો હતો.

સદરહુ સાહેદ કે જેઓએ અકસ્માત નોંધ દાખલ કરેલ અને આંક-૨૧ નું ઈન્કવેસ્ટ પંચનામુ પંચોની હાજરીમાં કરેલુ છે. સદરહુ સાાહેદની ઉલટ તપાસ પરથી એવી હકીકત જણાય છે કે, મરણ જનાર નશો કરવાની ટેવવાળા હતા અને તપાસ દરમ્યાન આ કામના આરોપીઓએ મરણ જનારને માર મારેલ છે તેવુ ખુલેલ નહી અને તેથી આ સાહેદની જુબાની પરથી આ કામના આરોપીઓએ મરણ જનારને માર મારી તેનું મોત નિપજાવેલ હોય તેવી કોઇ હકીકત ફલીત થતી નથી.

(૧૧.૨૦) ફરીયાદપક્ષ તરફે સાહેદ પટેલ હરકિશનભાઇ અમૃતભાઇને આંક-૫૧ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ તેમની ઉલટ તપાસમાં જણાવે છે કે , ઓળખપરેડ કરવાની યાદી તા.૧૪/૧૦/૨૦૧૫ ની છે અને તા.૨૮/૧૦/૨૦૧૫ ના રોજ ઓળખપરેડ કરવમાં આવી છે. આરોપીઓની ઓળખપરેડ લાજપોર જેલમાં કરેલી. તેઓ પંચોને લઇને લાજપોર જેલ પર ગયેલા અને પંચોની હાજરીમાં ઓળખપરેડ કરેલી તેવુ જણાવેલ છે.

આમ, સદરહુ સાહેદો કે જેઓ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ છે અને તેઓએ આરોપીઓની ઓળખપરેડ પંચોની હાજરીમાં કરીને ઓળખપરેડનું પંચનામુ આંક-૧૯ નું કરેલુ છે પરંતુ આંક-૧૯ ના ઓળખપરેડના પંચોએ આ પંચનામાને સમર્થનકારી કોઇ જુબાની આપેલ નથી તેમજ જે સાહેદોએ આરોપીઓને ઓળખી બતાવેલ છે તેઓએ પણ તેમની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ લાજપોર જેલ ખાતે ગયા નથી કે તેઓએ આરોપીઓને ઓળખી બતાવેલ નથી. આમ સદરહુ સાહેદની જુબાની પરથી આ કામના આરોપીઓએ મરણ જનારનું મોત નિપજાવેલ હોય તેવી કોઇ હકીકત ફલીત થતી નથી.

(૧૧.૨૧) ફરીયાદપક્ષ તરફે સાહેદ સાજીદ જાનમહમદ બલોચને આંક-૫૨ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૯/૧૦/૨૦૧૫ ના રોજ

તેઓ લાલગેટ પોલીસ સ્ટેશનના થાણા અમલદાર તરીકે ફરજ પર હતા અને તેમની પાસે ચોકબજાર પોલીસ સ્ટેશનના થાણા અમલદાર શ્રી એમ.આર.નકુમનાઓ સાથે અમદાવાદ ખાતે તાલીમ અર્થે છુટા થયેલ હોય એક દિવસ માટે ચોકબજાર પોલીસ સ્ટેશનનો ચાર્જ તેમની પાસે હતો. તા.૦૮/૦૧/૨૦૧૫ ના રોજ રાત્રિના આશરે ૨૩.૧૫ ના ગાળા દરમ્યાન બનેલી અકુદરતી મૃત્યુ બાબતે તેને આનુસાંગિક દાખલ થયેલ અકુદરતી મૃત્યુ નં.૧૨૩/૧૫ ની તપાસ દરમ્યાન એવી હકીકત ઉજાગર થયેલી કે મરણ જનાર ઈસમ વિશાલ ગણેશભાઈ જાદવનાઓને છ થી સાત જેટલા અજાણ્યા ઈસમોએ માર મારી મૃત્યુ નિપજાવેલ હોય તે સબંધે તેમનું પી.એણ. થઈ રીપોર્ટ આવતા પી.એમ. નોટમાં ૧૧ જેટલી નાની મોટી ઈજાઓ હતી. સદર કામે ફરીયાદી સમાધાનભાઈનાઓની તેમના રૂબરુની લખાવ્યા મુજબની ફરીયાદ લખી લઈ તેઓની ફરીયાદ ઉપર સહી લઈ રૂબરુમાં તેમણે તેમની સહી કરેલી તે આંક–૪૦ ની ફરીયાદ બતાવતા તે ફરીયાદ તેમની રૂબરુની છે અને તે તે જ છે. ઈ.પી.કો.કલમ–૩૦૨, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫ મુજબનો ગુનો ગુ.ર.નં.૧૧૦/૧૫ થી દાખલ કરવા તજવીજ કરવામાં આવેલી. એફ.એસ.એલ. અધિકારી ડોગ્સ સ્કોર્ડ, ફીંગર પ્રિન્ટ અધિકારીની મદદ લઈ ગુનાવાળી જગ્યાનું પંચનામુ બે પંચોને સાથે રાખી તેઓએ લખાવ્યા મુજબનું તેમના રૂબરુ કલાક ૧૫.૩૦ થી ૧૬.૫૦ સુધીનુ કરવામાં આવેલ.

વધુમાં આ સાહેદ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, એફ.એસ.એલ.અધિકારીની સુચના મુજબ ગુનાવાળી જગ્યાએથી લોહીના ડાઘાવાળી માટી તથા કંટ્રોલ સેમ્પલ માટી તપાસ અર્થે કબજે કરવામાં આવેલ અને તે અંગેનું બે પંચો રૂબરુ વિગતવારનું ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલુ અને તેમાં બંને પંચોની સહી તેમની રૂબરુ કરેલી અને રૂબરુ તરીકે તેમણે સહી કરેલી તે પંચનામુ આંક–૫૩ થી રજુ છે. તેઓએ પંચનામાની રૂબરુ ગુનાવાળી જગ્યાએથી કબજે કરેલ લોહીવાળા તથા કંટ્રોલ સેમ્પલ માટી તેમને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. તેમને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૦ શીલબંધ હાલતમાં છે તે ખોલી બતાવતા તે લોહીવાળી માટી પંચનામાની વિગતે કબજે કરેલ તે તે જ છે. તેમાંથી નીકળેલ પંચ સ્લીપમાં પંચ નં.૧ અને ૨ ની સહી તેમની રૂબરુમાં કરવામાં આવેલ

છે તે તેઓ ઓળખે છે અને તેમાં તેમની સહી છે તે તેઓ ઓળખે છે તે આંક–૫૪ થી રજુ છે. તેમને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૧ શીલબંધ હાલતમાં છે તે ખોલીને બતાવતા તે કંટ્રોલ માટી પંચનામાની વિગતે કબજે કરેલ તે જ છે. તેમાંથી નીકળેલ પંચસ્લીપમાં પંચ નં.૧ અને ૨ ની સહી તેમની રૂબરુમાં કરવામાં આવેલ છે તે તેઓ ઓળખે છે અને તેમાં તેમની સહી છે તે તેઓ ઓળખે છે તે આંક–૫૫ થી રજુ છે. આગળની તપાસ તા.૧૦/૧૦/૨૦૧૫ ના રોજ ચોકબજાર પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ શ્રી નકુમ સાહેબનાઓને સોંપેલી.

આરોપીઓ તરફે કરવામાં આવેલી ઉલટ તપાસમાં આ સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓએ જે ફરીયાદ લીધી હતી તેમાં આરોપીઓના નામ કે વર્ણન અંગેની હકીકત જણાવેલી નહી. એ વાત ખરી છે કે, મેં ફરીયાદ લીધી તે પહેલા અકસ્માત નોંધ નોંધાઇ ગયેલી હતી. એ વાત ખરી છે કે, ગુનાવાળી જગ્યાએથી કોઇ પણ આરોપીઓની કોઇ પણ ચીજવસ્તુઓ મળી આવેલ નહી. એ વાત ખરી નથી કે, મેં જે લોહીવાળી માટી કબજે કરી તેને કોઇ માર્ક આપેલ નથી. તેમને આંક–૫૪ અને આંક–૫૫ બતાવતા તે પંચ સ્લીપમાં સમય લખેલ નથી. એ વાત ખરી છે કે મરણ જનાર દારૂ તથા ગાંજો પીવાની આદતવાળા હતા એટલી હકીકત ફરીયાદમાં જણાવેલી છે.

સદરહુ સાહેદ કે જેઓએ અકસ્માત મોતની નોંધની તપાસ કરેલી છે અને તેઓની ફરજ દરમ્યાન જે કાર્યવાહી કરવાની હોય તે તેઓએ કરેલી છે. તેઓની ઉલટ તપાસ વંચાણે લેતાં ફરીયાદમાં આરોપીઓના નામ કે વર્ણન જણાવેલ નથી અને ગુનાવાળી જગ્યાએથી આરોપીઓની કોઇ પણ ચીજવસ્તુઓ મળી આવેલ નથી તેવુ જણાવેલ છે. આમ, તપાસ કરનાર અધિકારીશ્રીની જુબાની પરથી મરણ જનાર દારૂ તથા ગાંજાની આદતવાળા હતા તેવુ જણાય છે.

(૧૧.૨૨) ફરીયાદપક્ષ તરફે સાહેદ મધુભાઇ રત્નાભાઇ નકુમને આંક–૫૬ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, સને–૨૦૧૫ ના અરસામાં ચોકબજાર પોલીસ સ્ટેશનમાં પી.આઇ. તરીકે ફરજ પર હાજર હતા તે દરમ્યાન ૧૦–૧૦–૧૫ ના રોજ ચોકબજાર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૦/૧૫ ઇ.પી.કો. કલમ–૩૦૨, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫

મુજબની તપાસ ઇન્ચાર્જ પી.આઇ.એસ.જે.બલોચ પાસેથી તા.૧૦/૧૦/૨૦૧૫ ના રોજ સંભાળેલી. તપાસ સંભાળ્યા બાદ તમો આરોપીઓ વસંતભાઇ બાબુભાઇ કદમ, તેજસ ઉર્ફે રાકેશ વસંતભાઇ કદમ, કમલકુમાર બેચરભાઇ સોલંકી, સંજય ભાઉલાલ સરોડે, સાગર ઉમાકાંત ગોટેફોડે નાઓનું તા.૧૩/૧૦/૨૦૧૫ ના રોજ બે પંચો રૂબરુ શરીર સ્થિતીનું પંચનામુ કરી તેઓના કપડા પંચનામાની વિગતે કબજે કરેલા અને તેના ઉપર બે પંચોની તેમની રૂબરુ સહી કરેલી અને રૂબરુમાં તેઓએ સહી કરેલી. તેમને આંક–૧૩ નું પંચનામુ બતાવતા તે તે જ છે તે તેઓ ઓળખી બતાવે છે. તેમની તપાસ દરમ્યાન તમો આરોપી તેજસ ઉર્ફે રાકેશ વસંત કદમનાઓએ ગુનામાં વાપરેલ લાકડી બતાવવાનું જણાવતા બે પંચોને બોલાવી તેની સાથે તેણે બતાવેલ જગ્યા ઉપર ગયેલા અને ત્યાંથી ગુનામાં વાપરેલ લાકડી કબજે લીધેલી અને તે અંગેનું પંચનામુ બે પંચોની રૂબરુમાં કરેલુ. તેમને આંક–૧૬ નું પંચનામુ બતાવતા તે તે જ છે તે તેઓ ઓળખી બતાવે છે. તેમની તપાસ દરમ્યાન તા.૨૮/૧૦/૨૦૧૫ ના રોજ તમો આરોપીઓની ઓળખપરેડ કરાવેલી અને તે અંગે એકઝી. મેજી.શ્રીએ બે પંચો રૂબરુ ઓળખપરેડ કરેલી તે અંગે ઓળખપરેડનું પંચનામુ તેમની તપાસ દરમ્યાન કામમાં સામેલ રાખેલ તે આંક–૧૯ નું પંચનામુ તેમને બતાવતા તે તે જ છે. તેમની તપાસ દરમ્યાન કબજે કરેલ મુદ્દામાલ લાકડી સ્થળ ઉપરથી કબજે કરેલ નમુના, આરોપીઓના કપડા, મરણ જનારના વિશેરા વિગેરે મુદ્દામાલ રવાનગી નોંધ તૈયાર કરી એફ.એસ.એલ. માં તપાસણી અર્થે મોકલી આપેલી. જે રવાનગી નોંધ તા.૧૮/૧૦/૨૦૧૫ ના રોજ તૈયાર કરેલી અને તેમાં તેમની સહી કરેલ હતી. તે રવાનગી નોંધ આંક–૫૭ થી રજુ છે. મુદ્દામાલ એફ.એસ.એલ. અધિકારીને મળી ગયેલ તે અંગેનો મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ તા.૨૧/૧૦/૨૦૧૫ ના રોજ એફ.એસ.એલ. તરફથી આપવામાં આવેલ તે મુદ્દામાલ પહોંચ આંક–૫૮ થી રજુ છે તે તે જ છે. મુદ્દામાલના અભિપ્રાય આપવા માટે તા.૨૧/૧૦/૨૦૧૫ ના રોજ એફ.એસ.એલ.ને પત્ર લખેલ તેમાં તેમની સહી કરીને મોકલેલ હતો જે અભિપ્રાય આપવા માટે લખેલ પત્ર આંક–૫૯ થી રજુ છે. તેમાં તેમની સહી તેઓ ઓળખી બતાવે છે. તેમની તપાસ દરમ્યાન એફ.એસ.એલ. ઝેર શાસ્ત્ર વિભાગમાં મુદ્દામાલ મોકલેલ હતો તે અંગે એફ.એસ.એલ. ઝેર શાસ્ત્ર વિભાગમાંથી મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ આપેલી

તે તપાસ અર્થે સામેલ રાખેલ તે મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ આંક–૬૦ થી રજુ છે. તેમની તપાસ દરમ્યાન એફ.એસ.એલ. ઝેર શાસ્ત્ર વિભાગમાંથી પરીક્ષણ અહેવાલ તા.૨૦/૧૧/૨૦૧૫ ના રોજ ફોરવર્ડીંગ પત્ર સાથે આપવામાં આવેલ જે ઝેર શાસ્ત્ર વિભાગનો અહેવાલ તપાસ અર્થે સામેલ રાખેલ. તે ફોરવર્ડીંગ લેટર તથા અભિપ્રાય સંયુકત રીતે આંક–૬૧ થી રજુ છે. તા.૦૯/૧૦/૨૦૧૫ ના રોજ એફ.એસ.એલ. અધિકારીએ ગુનાસ્થળનો રિપોર્ટ આપેલ હતો તે તપાસ અર્થે કામમાં સામેલ રાખેલ તે રિપોર્ટ આંક–૬૨ થી રજુ છે. તપાસ દરમ્યાન મે. સુરત શહેર પો.કમીશ્નર સાહેબે જાહેરનામુ બહાર પાડેલ તેની નકલ મેળવી કામમાં સામેલ રાખેલ તે નકલ આંક–૬૩ થી રજુ છે. તેઓ કોર્ટમાં હાજર આરોપીઓને ઓળખી બતાવે છે. આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ. તેમને મુદ્દામાલ આર્ટીકલ નં.૧ સફેદ કલરની ફાટેલી હાફ બાંયની ટીશર્ટ, મુદ્દામાલ આર્ટીકલ નં.૨ ગ્રે કલરની પેન્ટ, મુદ્દામાલ આર્ટીકલ નં.૩ કથ્થઇ કલરની નીકર, બતાવતા તે મુદ્દામાલ કપડા તેઓએ તપાસના કામે કબજે લીધેલા તે જ છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૪ શીલબંધ હાલતમાં છે તે ખોલતા તેમાંથી નીકેળલ સફેદ સીલ્વર લાઇનીંગવાળો શર્ટ તથા ગ્રે–પેન્ટ બતાવતા તે તેમણે કબજે કરેલ તે જ છે. તેમાંથી નીકળેલ આંક–૬૪ વાળી પંચસ્લીપમાં બે પંચોએ તેમની રૂબરુ સહી કરેલી તથા તેઓએ રૂબરુ તરીકે તેમની સહી કરેલી તે તેઓ ઓળખી બતાવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૫ શીલબંધ હાલતમાં છે તે ખોલતા તેમાંથી નીકેળલ ગ્રે–કલરનો બ્લુ લાઇનીંગ શર્ટ તથા ગ્રે–પેન્ટ બતાવતા તે તેમણે કબજે કરેલ તે જ છે. તેમાંથી નીકળેલ આંક–૬૫ વાળી પંચસ્લીપમાં બે પંચોએ તેમની રૂબરુ સહી કરેલી તથા તેઓએ રૂબરુ તરીકે તેમની સહી કરેલી તે તેઓ ઓળખી બતાવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં.૬ શીલબંધ હાલતમાં છે તે ખોલતા તેમાંથી નીકેળલ સફેદ કલરનુ કેસરી માટી કલરના ચિત્રવાળુ ટીશર્ટ અને બ્લુ કલરની જીન્સ પેન્ટ બતાવતા તે તેમણે કબજે કરેલ તે જ છે. તેમાંથી નીકળેલ આંક–૬૬ વાળી પંચસ્લીપમાં બે પંચોએ તેમની રૂબરુ સહી કરેલી તથા તેઓએ રૂબરુ તરીકે તેમની સહી કરેલી તે તેઓ ઓળખી બતાવે છે. મુદ્દામાલ આર્ટીકલ નં. ૭ શીલબંધ હાલતમાં છે તે ખોલતા તેમાંથી નીકેળલ ચેકસવાળુ શર્ટ અને બ્લુ કલરની પેન્ટ બતાવતા તે તેમણે કબજે કરેલ તે જ છે. તેમાંથી નીકળેલ આંક–૬૭

વાળી પંચસ્લીપમાં બે પંચોએ તેમની રૂબરુ સહી કરેલી તથા તેઓએ રૂબરુ તરીકે તેમની સહી કરેલી તે તેઓ ઓળખી બતાવે છે. મુદ્ધામાલ આર્ટીકલ નં.૮ શીલબંધ હાલતમાં છે તે ખોલતા તેમાંથી નીકળેલ રાખોડી જાંબલી કાળી લાઇનીંગવાળુ શર્ટ અને બ્લુ કલરની જીન્સ પેન્ટ બતાવતા તે તેમણે કબજે કરેલ તે જ છે. તેમાંથી નીકળેલ આંક–૬૮ વાળી પંચસ્લીપમાં બે પંચોએ તેમની રૂબરુ સહી કરેલી તથા તેઓએ રૂબરુ તરીકે તેમની સહી કરેલી તે તેઓ ઓળખી બતાવે છે. મુદ્ધામાલ આર્ટીકલ નં.૯ શીલબંધ હાલતમાં છે તે ખોલતા તેમાંથી નીકેળલ લાકડી બતાવતા તે તેમણે કબજે કરેલ તે જ છે. તેમાંથી નીકળેલ આંક–૬૯ વાળી પંચસ્લીપમાં બે પંચોએ તેમની રૂબરુ સહી કરેલી તથા તેઓએ રૂબરુ તરીકે તેમની સહી કરેલી તે તેઓ ઓળખી બતાવે છે.મુદ્ધામાલ આર્ટીકલ નં.૧૦ અને ૧૧ બતાવતા તે તેમણે તપાસ અર્થે કબજે કરેલ તે જ છે. તેઓએ તપાસના કામમાં લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબના નોંધી તે કામમાં સામેલ રાખેલા.

આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં આ સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓએ તપાસ સંભાળી ત્યારે પેપર્સનો અભ્યાસ કરેલો. એ વાત ખરી છે કે, ફરીયાદવાળો કહેવાતો બનાવ રાત્રિના સમયે બનેલ. એ વાત ખરી છે કે ફરીયાદ અજાણ્યા ઇસમો વિરુધ્ધ આપવામાં આવેલ છે. કોઇના નામજોગ ફરીયાદ આપાવમાં આવેલ નથી. એ વાત ખરી છે કે, મુદ્ધામાલ લાકડી જેવી લાકડી બજારમાં સહેલાઇથી મળી શકે. એ વાત ખરી છે કે, ગુનાવાળી જગ્યા ખુલ્લા ખેતરની હતી અને ત્યાં અધારુ હતુ. એ વાત ખરી છે કે, ઓળખપરેડની કાર્યવાહી અગત્યની કાર્યવાહી છે અને તે આરોપીની અટક કર્યા બાદ તુરંત કરાવવી જોઇએ. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે, અમે આ ગુના કામમાં આરોપીની ઓળખ પરેડ તુરંત કરાવેલ છે. એ વાત ખરી છે કે આરોપીઓના કપડા ઉપર તથા મુદ્ધામાલ લાકડી ઉપર કોઇ લોહીના ડાઘા ન હતા. એ વાત ખરી છે કે, મારી તપાસમાં એવી હકીકત ખુલેલી કે મરણ જનાર તેના ઘરે બે– ત્રણ દિવસ પછી પણ આવતો હતો.

સદરહુ સાહેદ કે જેઓ આ કામમાં તપાસ કરનાર અધિકારીશ્રી છે અને તેઓએ તેમની ફરજ દરમ્યાન સાહેદોના નિવેદનો લીધા છે અને પંચનામાઓ કરેલ છે. સદરહુ સાહેદની જુબાની પરથી ફરીયાદ અજાણ્યા ઇસમો વિરુધ્ધ આપેલ હોવાનું જણાય છે. અને તેઓની જુબાની પરથી ઓળખ પરેડની કાર્યવાહી

તા.૨૮/૧૦/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ છે તેવુ જણાવેલ છે. આ સાહેદની જુબાની પરથી તેમની તપાસ દરમ્યાન એવી હકીકત ખુલેલ હતી કે મરણ જનાર નશો કરવાની ટેવવાળા હતા અને અસ્તથર મગજના હતા અને તેઓ મહોલ્લામાં આમતેમ ઘુમતા હતા અને લોકો સાથે ઝઘડો કરતા હતા સદરહુ સાહેદની જુબાની પરથી આ કામના આરોપીઓએ મરણ જનારનું મોત નિપજાવેલ હોય તેવી કોઇ હકીકત ફલીત થતી નથી.

(૧૨) ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં આ કામના આરોપી વિરુધ્ધ આંક–૫ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને તે મુજબ આ કામના આરોપીઓએ તા.૦૮/૧૦/૨૦૧૫ ના કલાક ૨૩.૪૫ વાગ્યે ડભોલી ગામ લેક ગાર્ડનની સામે ગજરાબા નગરની બાજુમાં આવેલ ખુલ્લા ખેતરમાં મરણ જનાર વિશાલનાઓ બુમો મારતા અને પથ્થર મારતા આવતા હતા ત્યારે આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી એકસંપ થઇ આરોપી નં.૧ નાએ મરણ જનારને ધકકો મારી પાડી દીધેલ. ત્યારે મરણ જનારે તેને પકડી લેતાં આરોપી નં.૨ તથા ૩ નાએ લાકડી વડે મરણ જનારને માર મારતા મરણ જનારને નીચે પાડી દઇ આરોપીઓએ મરણ જનારને માથામાં તથા શરીરે નાની મોટી ૧૧ ઇજાઓ કરી તેનુ મોત નિપજાવી ગુનો કરેલ હોવાનું તહોમત છે. સદરહુ તહોમતનામા મુજબ ફરીયાદપક્ષ તરફે આ કામમાં સાહેદોને તપાસવામાં આવેલ છે. આ કામમાં ફરીયાદીની જુબાની આંક–૩૯ થી લેવામાં આવેલ છે. તેઓ મરણ જનારના બનેવી થાય છે. તેઓની જુબાની પરથી તેઓ બનાવ બન્યો ત્યારે સ્થળ ઉપર હાજર ન હતા અને તેઓએ બનાવવાળી જગ્યા બતાવેલ નથી કે એકઝી. મેજી. સમક્ષ તેઓ ઓળખ પરેડ માટે ગયા હોય તેવુ પણ બનેલ નથી તેવુ જણાવેલ છે. આમ સદરહુ ફરીયાદી કે જઓ અગત્યના સાહેદ છે અને મરણ જનાર તેમના સગા સાળા થતા હોય છતાં તેઓએ આંક–૪૦ ની ફરીયાદને સમર્થનકારી કોઇ જુબાની આપેલ નથી. આ ઉપરાંત તેઓએ મરણ જનારના કપડા પણ નામદાર કોર્ટમાં ઓળખી બતાવેલ નથી. આમ, સદરહુ સાહેદ નજરે જોનાર સાહેદ હોવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી જુબાની આપેલ નથી. આ ઉપરાંત આ કામમાં

ફરીયાદપક્ષ તરફે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપીઓ જે સોસાયટીમાં રહેતા હતા તે સોસાયટીના રહીશોને આ કામમા સાહેદો તરીકે તપાસેલા છે અને તેઓને જુબાની વંચાણે લેતાં પણ આ કામના આરોપીઓએ એકસંપ થઇને ગેરકાયદેસર મંડળી રચીને મરણ જનાર વિશાલ જાદવને હથિયાર વડે માર મારીને તેનું મોત નિપજાવેલ હોય તેવી કોઇ હીકકત ફલીત થતી નથી. આ ઉપરાંત આ કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૩૩ થી ભાનુદાસ હીરામણ પાટીલ કે જે સોસાટીમાં બનાવ બનેલ તેના પ્રમુખ છે તેને સાહેદ તરીકે તપાસેલ છે. તેઓએ આરોપીઓ તેમની સોસાયટીમાં રહેતા હોવાથી કોર્ટમાં તેઓને ઓળખી બતાવેલ છે અને તેમની સોસાયટીની રોડની બાજુમાં અકસ્માતનો બનાવ બનેલ હતો તે બાબતમાં પોલીસવાળા મારી સહી લઇ ગયેલા અને તેઓએ અકસ્માત મોત આંક–૩૪ માં તેઓની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ આ સાહેદની જુબાની પરથી આ કામના મરણ જનાર લથડિયા ખાતા તેમની સોસાયટીમાં આવેલ હોય અને આ કામના આરોપીઓએ તેઓને હથિયાર વડે માર મારેલ હોય અને તે ઇસમ મરણ ગયેલ હોય તેવુ ફલીત થતુ નથી. આમ, સદરહુ સાહેદ કે જેઓ સોસાયટીના પ્રમુખ અને અગત્યના સાક્ષી અને નજરે જોનાર ઇસમ હોવા છતાં તેઓએ આંક–૩૪ ની જાણવા જોગ અરજીને કોઇ સમર્થન આપેલ નથી. આ ઉપરાંત ફરીયાદપક્ષે મરણ જનારના મામા, તેમના બહેન, તેમના માસીયાઇ ભાઇ, તેમના પત્ની, તેમના માતાને તપાસેલ છે. સદરહુ તમામ સાહેદોની જુબાની પરથી આ કામના આરોપીઓએ મરણ જનારને હથિયાર વડે માર મારીને તેઓને ઇજા પહોંચાડીને તેઓનુ ખુન કરેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી. આ તમામ સાહેદો કે જઓ મરણ જનારના અત્યંત નિકટના સગાઓ છે અને તેઓની જુબાની પરથી એવુ ફલીત થાય છે કે મરણ જનાર નશો કરવાની ટેવવાળા હતા અને અને અસ્થિર મગજના હતા અને તેથી તેઓ રોડ ઉપર આવતા જતા માણસો સાથે અવાર નવાર ઝઘડો કરતા હતા. આમ, સદરહુ તમામ સાહેદો કે જઓ મરણ જનારના સગા છે તેઓએ મરણ જનારનું મૃત્યુ આ કામના આરોપીઓએ નિપજાવેલ હોય તેવુ જણાવેલ નથી

પરંતુ મરણ જનાર નશો કરવાની ટેવવાળા હોવાના કારણે તેઓનુ મૃત્યુ થયેલુ છે તેવુ તેમની જુબાની પરથી ફલીત થાય છે. આ ઉપરાંત ફરીયાદપક્ષ તરફે આ કામમા મરણ જનારનું પી.એમ કરનાર ડોકટરશ્રીને તપાસેલ છે તેઓની જુબાની પરથી આ કામના આરોપીઓએ હથિયાર વડે મરણ જનારનુ મોત નિપજાવેલ હોય તેવી કોઇ હકીકત ફલીત થતી નથી. ફરીયાદપક્ષ તરફે ઓળખપરેડની કાર્યવાહી જે એકઝી. મેજી. સમક્ષ થઇ તેઓને સાક્ષી તરીકે તપાસેલ છે. તેઓએ પંચોની હાજરીમાં ઓળખપરેડ કરીને આંક–૧૯ નું પંચનામુ કરેલ હોવાનુ જણાવેલ છે પંરતુ આંક –૧૯ ના ઓળખ પરેડના પંચોએ તેઓની હાજરીમાં કોઇ ઇસમોની ઓળખપરેડ કરવામાં આવેલ હોય તેવુ જણાવેલ નથી અને આંક–૧૯ ના ઓળખપરેડના પંચોએ સમર્થનકારી કોઇ જુબાની આપેલી નથી. આ ઉપરાંત ઓળખ પરેડમાં જે સાહેદોએ આરોપીઓને ઓળખી બતાવેલ છે તે સાહેદોએ આ આરોપીઓની ઓળખ માટે તેઓ લાજપોર જેલ ખાતે ગયેલ હોય તેવી કોઇ હીકકત જણાવેલ નથી. આમ, આંક–૧૯ ના ઓળખપરેડના પંચનામામાં આ આરોપીઓને સાહેદોએ ઓળખી બતાવેલ હોય તેવી કોઇ હકીકત ફરીયાદપક્ષે તેમના પુરાવાથી પુરવાર કરેલ નથી. આ ઉપરાંત આ કામમાં ફરીયાદ લેનાર અને અકસ્માત નોંધ કરનાર પોલીસ કર્મચારી તથા આ કામમાં તપાસ કરનાર અધિકારીશ્રીની જુબાની વંચાણે લતા આ કામના મરણ જનાર નશો કરવાની ટેવવાળા હતા તેવુ જણાય છે. ફરીયાદપક્ષ તરફે આંક–૫૭ થી એફ.એસ.એલ. માં મોકલેલ રવાનગી નોંધ, આંક–૬૦ થી મુદ્દામાલ મળ્યા અંગેની રસીદ તથા આંક–૬૧ થી એફ.એસ.એલ. અધિકારીનો રીપોર્ટ રજુ કરેલ છે પરંતુ એફ.એસ.એલ. અધિકારીનો અભિપ્રાય વંચાણે લેતા પણ આ કામના મરણ જનારનુ મોત આ કામના આરોપીઓએ કરેલ હોય તેવી કોઇ હકીકત ફલીત થતી નથી. આમ, આ કામમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના આરોપીઓએ તા.૦૮/૧૦/૨૦૧૫ ના કલાક ૨૩.૪૫ વાગ્યે ડભોલીગામ લેક ગાર્ડનની સામે ગજરાબા નગરની બાજુમાં આવેલ ખુલ્લા ખેતરમાં આ કામે મરણ જનાર વિશાલ ગણેશ જાધવનો બુમો મારતા અને પથ્થર મારતા આવતો

હતો ત્યારે આ કામના આરોપીઓએ ગેરકાયદેસરની મંડળી રચી એક સંપ થઇ આરોપીઓ પૈકી આરોપી નં.૧ વસંતભાઇ બાબુભાઇ કદમ નાઓએ આ કામે મરણ જનાર વિશાલ ગણેશ જાધવને ધક્કો મારી પાડી દીધેલ ત્યારે મરણ જનારે તેને પકડી લેતાં આરોપી નં.૨ તેજસ ઉર્ફે રાકેશ વસંતભાઇ કદમ તથા આરોપી નં.૩ કમલકુમાર બેચરભાઇ સોલંકીનાએ લાકડી વડે મરણ જનારને માર મારતા દરમ્યાન આરોપી નં.૪ સંજય ભાવલાલ સરોદે તેમજ આરોપી નં.૫ સાગર ઉમાકાંત ગોટેફોડ નાઓએ મરણ જનારને પકડી રાખી, ધકકો મારી પાડી દઇ આરોપીઓએ માથામાં તથા શરીરે નાની મોટી અગિયાર ઇજાઓ કરી મોત નિપજાવી નાસી જઇ ગુનો કરેલ હોય તેવી કોઇ હકીકત ફરીયાદપક્ષે તેમના પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરેલ નથી. આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીશ્રીએ આ કામમાં ચપ્પુ તથા લાકડાના દંડા વડે હુમલો કરેલ હોવાનું ફરીયાદ હકીકત તથા સાહેદોના નિવેદનો પરથી ફલીત થાય છે અને આ હથિયારો રીકવર કરવા અગત્યના હોવા છતાં તપાસ કરનાર અધિકારીશ્રીએ સદરહુ કામમાં મુદ્દામાલ ચપ્પુ તથા લાકડાનો દંડો કબજે કરેલ નથી. સદરહુ આરોપીઓ વિરુધ્ધ ઇ.પી.કો. કલમ-૩૦૨, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) નો ગુનો નોંધાયેલ છે પરંતુ સદરહુ ગુનાની કલમોની વ્યાખ્યા વંચાણે લેતા તેમજ ફરીયાદપક્ષે જે પુરાવો લીધેલ છે તે વંચાણે લેતાં આરોપીઓ વિરુધ્ધ જે ગુનાનું તહોમત છે તેના કોઇ તત્વો ફરીયાદપક્ષે તેમના પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરેલ ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**- હુકમ -**

(૧) આ કામના આરોપી **(૧) વસંતભાઇ બાબુભાઇ કદમ, ર**હે.બી/૧૫, ગજરાબા નગર સોસાયટી, બોમ્બે કુડ, ડભોલી ગામ, ચોકબજાર, સુરત. , મુળ રહે. ગામ-પાનેર, તા.મહાડ, જી.રાયગઢ., **(૨) તેજસ ઉર્ફે રાકેશ સ/ઓ વસંતભાઇ કદમ,** રહે.બી/૧૫, ગજરાબા નગર સોસાયટી, બોમ્બે કુડ,

ડભોલી ગામ, ચોકબજાર, સુરત., મુળ રહે. ગામ–પાનેર, તા.મહાડ, જી.રાયગઢ., **(૩) કમલકુમાર બેચરભાઇ સોલંકી,** રહે.બી/૧૬, ગજરાબા નગર સોસાયટી, બોમ્બે કુડ, ડભોલી ગામ, ચોકબજાર, સુરત. મુળ રહે. ટુકડ, તા.જી. ભાવનગર., **(૪) સંજય ભાવલાલ સરોદે,** રહે.બી/૨૧, ગજરાબા નગર સોસાયટી, બોમ્બે કુડ, ડભોલી ગામ, ચોકબજાર, સુરત., મુળ રહે. ગામ–ચીલગાંવ, તા.જામનેર, જી.જલગાંવ., **(૫) સાગર ઉમાકાંતભાઇ ગોટેફોડે,** રહે.બી/૧૬, ગજરાબા નગર સોસાયટી, બોમ્બે કુડ, ડભોલી ગામ, ચોકબજાર, સુરત., મુળ રહે. ગામ–પવની, તા.જી.નાગપુર, મહારાષ્ટ્ર.નાઓને ક્રિમી. પ્રોસી.કો. કલમ–૨૩૫(૧) અન્વયે ઈ.પી. કોડની કલમ – ૩૦૨, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) દરેક આરોપીએ સી.આર.પી.સી.કલમ– ૪૩૭(એ) ની જોગવાઇ મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા દિન– ૭ માં રજુ કરવા. આ જામીનખત હુકમની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ તમામ મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવો.

હુકમ આજ તા.૨૧ મી માહે ઓકટોબર સને ૨૦૨૨ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૨૧.૧૦.૨૦૨૨.**
**સુરત.**

**(અમીતા મહેન્દ્રભાઇ વૈષ્ણવ)**
**ત્રીજા અધિક સેશન્સ જજ, સુરત.**
**Code No. G.J.00565**